**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭
**(Accredited B++ equivalent to Five Star status by NAAC)**

✆ : 2227141 to 2227146 | ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
**Fax** : (0261) 2227312 | **ફેકસ** : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
**Gram** : VNSGU | **તાર** : વીએનએસજીયુ
**E-mail :** sgu@sguernet.in

**ખાનગી** **સિન્ડિકેટની સામાન્ય સભા**
**ફકત સભ્યોની જાણ માટે** **તા. ૧૩–૧૨–૨૦૦૭**

સિન્ડિકેટની સામાન્ય સભા ગુરૂવાર, તા. ૧૩–૧૨–૨૦૦૭ ના રોજ બપોરે ૧ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| **ક્રમ** | **સભ્યોના નામ** | **તા. ૧૩–૧૨–૨૦૦૭** |
|---|---|---|
| ૧. | ડૉ. રમેશચંદ્ર જી. કોઠારી (કુલપતિશ્રી) | હાજર |
| ૨. | – ખાલી – (ઉપકુલપતિશ્રી) | ––– |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ. ડૉ. ભાસ્કર મહેન્દ્ર રાવલ | હાજર |
| ૭. | આ. શ્રી જયંતીલાલ મગનલાલ નાયક | હાજર |
| ૮. | – ખાલી – | ––– |
| ૯.* | ડૉ. શશીકાંતભાઈ જી. શાહ | ગેરહાજર |
| ૧૦. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | હાજર |
| ૧૧. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૩. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૪. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ | હાજર |
| ૧૫. | ડૉ. વિપુલ જમનાદાસ સોમાણી | હાજર |
| ૧૬. | આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | હાજર |
| ૧૭.** | શ્રી મયૂરભાઈ ચૌહાણ | ગેરહાજર |
| ૧૮. | આ. શ્રી યોગેશભાઈ લક્ષ્મીશંકર ભટ્ટ | હાજર |
| ૧૯.** | શ્રી દિનેશભાઈ દાસા | ગેરહાજર |
| ૨૦. | ડૉ. ઘનશ્યામભાઈ રાવલ | હાજર |

* ડૉ. શીશીકાંતભાઈ શાહે તેમના તા. ૧૦–૧૨–૨૦૦૭ના પત્રથી સિન્ડિકેટની સભામાં ગેરહાજર રહેવા અંગે મા. કુલપતિશ્રીને જાણ કરી હતી.

** શ્રી મયુરભાઈ ચૌહાણ અને શ્રી દિનેશભાઈ દાસાએ ઈ.ચા. કુલસચિવશ્રીને સિન્ડિકેટની સભામાં ગેરહાજર રહેવા અંગે ટેલિફોનીક જાણ કરી હતી.

## શોક દર્શક ઠરાવ

**મોહમ્મંદ હનીફ બના :**

રાજય સરકાર નિયુકત ભૂતપૂર્વ સેનેટ અને સિન્ડિકેટ સભ્ય અને આર્ટ્સ અને કોમર્સ કોલેજ, માંડવીમાં આચાર્ય પદે રહી ચૂકેલ, મોહમ્મંદ હનીફ બનાનું અચાનક થયેલ દુઃખદ અવસાન બદલ સિન્ડિકેટની આજની સભા શોક વ્યકત કરે છે. તથા સદ્ગતના આત્માને ચિરશાન્તિ અર્પવા અને એમના પરિવારને આઘાત સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શકિત અર્પે તેવી પ્રાર્થના કરે છે.

**૧.** સિન્ડિકેટ, તા. ૮–૧૦–૨૦૦૭ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ, તા. ૮–૧૦–૨૦૦૭ની સામાન્ય સભાની કાર્યવાહી યથાવત્ મંજૂર કરવામાં આવે છે.

**૨.** સિન્ડિકેટ, તા. ૬–૧૧–૨૦૦૭ની તાકીદ સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ, તા. ૬–૧૧–૨૦૦૭ની તાકીદ સભાની કાર્યવાહી યથાવત્ મંજૂર કરવામાં આવે છે.

**૩.** પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની તા.૨૪–૮–૨૦૦૭ની મળેલ સભાની ભલામણ નં.૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ઉપર વિચારણા કરવા બાબત.

તા. ૨૪–૮–૨૦૦૭ પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની ભલામણ સામેલ છે.

**ભલામણો પૈકી ભલામણ ક્રમાંક (૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ અને ૧૦) નીચે પ્રમાણે છે.**

૩. કેમ્પસ ખાતે કન્ડીશનીંગ હોલના વિસ્તરણ અંગે મળેલ ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે કેમ્પસ ખાતે કન્ડીશનીંગ હોલના વિસ્તરણ અંગે મળેલ ટેન્ડરો પર વિચારણા કરતા સૌથી ઓછા ભાવ ભરનાર મે.બાલાજી બિલ્ડકોન,સુરત પાસે તેમણે ભરેલ કુલ **રૂા.૧૪,૪૭,૧૨૫/–** પર ૧.૨૫% ભાવ ઘટાડવા સંમત થયા હોઈ તેમનું ટેન્ડર સ્વીકારી કામગીરી સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે જેનો ખર્ચ સ્પોર્ટસ ફંડ હેઠળ ફાળવવાનો રહેશે.

૪. કેમ્પસ ખાતે એચ.આર.ડી. ભવનના વિસ્તરણ અંગે મળેલ ટેન્ડર પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે કેમ્પસ ખાતે એચ.આર.ડી. ભવનના વિસ્તરણ અંગે મળેલ ટેન્ડર પર વિચારણા કરતા સૌથી ઓછા ભાવ ભરનાર મે.બાલાજી બિલ્ડકોન,સુરત પાસે તેમણે ભરેલ કુલ **રૂા.૨૬,૭૯,૧૯૫.૦૦** પર ૧.૨૫% ભાવ ઘટાડવા સંમત થાય હોઈ તેમનું ટેન્ડર સ્વીકારી કામગીરી સોંપવા સિન્ડિકેટ ને ભલામણ કરવામાં આવે છે. જેનો ખર્ચ એચ.આર.ડી. ના સ્વનિર્ભર ફંડ હેઠળ ફાળવવાનો રહેશે.

૫. કેમ્પસ ખાતે ગેસ્ટહાઉસના વિસ્તરણ અંગે મળેલ ટેન્ડરો પર વિચારણ કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે કેમ્પસખાતે ગેસ્ટહાઉસના વિસ્તરણ અંગે મળેલ ટેન્ડરો પૈકી મે.બાલાજી બિલ્ડકોન, સુરત નું **રૂા. ૧૧,૯૮,૨૭૫.૦૦**ના ટેન્ડરમાં તેઓ ૧.૨૫% ભાવઘટાડો કરવા સંમત થયા હોઈ તેમનું ટેન્ડર સ્વીકારી કામગીરી સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. જેનો ખર્ચ સેન્ટ્રલ ડેવલપમેન્ટ ફંડ હેઠળ ફાળવાશે.

૬. કેમ્પસ ખાતે યુસીક બિલ્ડીગના વિસ્તરણ અંગે મળેલ ટેન્ડરો અંગે પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે કેમ્પસખાતે યુસીક બિલ્ડીગના વિસ્તરણ અંગે મળેલ ટેન્ડરો પર વિચારણા કરતા સૌથી ઓછા ભાવ ભરનાર મે.બાલાજી બિલ્ડકોન,સુરત પાસે તેમણે ભરેલ કુલ **રૂા.૮,૫૭,૬૦૬. ૯૦** ના ટેન્ડરમાં તેઓ૧.૨૫% ભાવઘટાડો કરવા સંમત થયા હોઈ, તેમનું ટેન્ડર સ્વીકારી કામગીરી સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. જેનો ખર્ચ જનરલ ફંડ મકાન મરામત નિભાવ હેઠળ ફાળવાશે.

૭. કેમ્પસ ખાતે ગેસ્ટહાઉસના રીપર કામ અંગે મળેલ ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે કેમ્પસખાતે ગેસ્ટહાઉસના રીપેર કામ અંગે મળેલ ટેન્ડરો પર વિચારણા કરતા સૌથી ઓછા ભાવ ભરનાર મે.બાલાજી બિલ્ડકોન,સુરત પાસે તેમણે ભરેલ કુલ **રૂા. ૯,૬૧,૫૦૫.૦૦**ના ટેન્ડરમાં તેઓ ૧.૨૫% ભાવઘટાડો કરવા સંમત થયા હોઈ, તેમનું ટેન્ડર સ્વીકારી કામગીરી સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. જેનો ખર્ચ જનરલ ફંડ મકાન મરામત નિભાવ હેઠળ ફાળવાશે.

૮. કેમ્પસ ખાતે કેમેસ્ટ્રી બિલ્ડીગમાં ટોયલેટ બ્લોક બનાવવા અંગે મળેલ ટેન્ડરો પર વિચારણ કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે કેમ્પસખાતે કેમેસ્ટ્રી બિલ્ડીગમાં ટોયલેટ બ્લોક બનાવવા અંગે મળેલ ટેન્ડરો પર વિચારણા કરતા સૌથી ઓછા ભાવ ભરનાર મે.બાલાજી બિલ્ડકોન, સુરત પાસે તેમણે ભરેલ કુલ **રૂા.૭,૫૨,૫૧૪.૪૨** ના ટેન્ડરમાં તેઓ ૧.૨૫% ભાવઘટાડો કરવા સંમત થયા હોઈ, તેમનું ટેન્ડર સ્વીકારી કામગીરી સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. જેનો ખર્ચ કેમેસ્ટ્રી વિભાગના સ્વનિર્ભર ફંડ હેઠળ ફાળવાશે.

૯. કેમ્પસ ખાતે નવી ગર્લ્સ હોસ્ટેલના એપ્રોચરોડ બનાવવા અંગેના ટેન્ડર પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે નવી ગર્લ્સ હોસ્ટલના એપ્રોચરોડ બનાવવા અંગે મળેલા ટેન્ડરો પૈકી મે. પટેલ એન્ડ કંપની, સુરતનું **રૂા. ૬,૨૦,૧૬૩.૦૦** નું ટેન્ડર સ્વીકારી કામગીરી મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. જેનો ખર્ચ સેન્ટ્રલ ડેવલપમેન્ટ ફંડ હેઠળ ફાળવવાનો રહેશે.

૧૦. કેમ્પસ ખાતે પીળીમાટી સપ્લાય કરી પ્લેગ્રાઉન્ડ બનાવવાના કામ અંગે મળેલ ટેન્ડર ઉપર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે કેમ્પસ ખાતે પીળી માટે સપ્લાય કરી પ્લેગ્રાઉન્ડ બનાવવાના કામ અંગે મળેલ ટેન્ડરો પૈકી મે. એ.એ. બામરોલીયા, સુરતનું **રૂા. ૨૯,૯૯,૪૦૦.૦૦** નું સ્વીકારી મંજૂર કરવું અને કામગીરી સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. જેનો ખર્ચ સ્પોર્ટસ ફંડ હેઠળ ફાળવવાનો રહેશે.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની તા.૨૪–૮–૨૦૦૭ની મળેલ સભાની ભલામણ નં.૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ ને મંજૂર કરવી તથા ભલામણ નં. ૧૦ નો ભાવ મંજુર કરવામાં આવે છે અને હાલ પ્લેગ્રાઉન્ડમાં માટી નાખવાની કામગીરી સ્થગિત કરવામાં આવે છે.

**૪.** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં ડીન, કોલેજ ડેવલપમેન્ટ કાઉન્સીલ (સી. ડી. સી.) તરીકે ફરજ બજાવતાં ડૉ. પી. કે. હીરાધરની લીયન તથા નિવૃત્તિની તારીખ બાબતે આદેશાનુસાર એડવોકેટ શ્રી આર. એ. દેસાઈ, નારણપુરા, અમદાવાદ પાસે કાનૂની અભિપ્રાય મંગાવતા શ્રી આર. એ. દેસાઈએ તા. ૩૧/ ૭/ ૨૦૦૭ના પત્રથી મોકલેલ કાનૂની અભિપ્રાય પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ડીન સી. ડી. સી.ની જગા Statute 295 પ્રમાણે ૩ વર્ષની હોય છે તેમની નિવૃત્તિની તારીખ બાબતે ગુજરાત સરકાર અને અન્ય વકીલનો કાનૂની અભિપ્રાય મેળવવો અને બાબત પુનઃ સિન્ડિકેટમાં રજૂ કરવી.

**૫.** શૈક્ષણિક વર્ષ ૨૦૦૬–૦૭ માટે એમ. ફીલ./ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃત્તિ એનાયત કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૪/ ૦૧/ ૨૦૦૭નાં ઠરાવ નં. ૨૫ અન્વયે નીમેલી સમિતિની તા. ૧૧/ ૦૯/ ૨૦૦૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક )

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૦૬–૦૭ માટે એમ. ફીલ./ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃત્તિ એનાયત કરવા માટે સિન્ડિકેટે તેની તા.૪/૦૧/૨૦૦૭નાં ઠરાવ નં. ૨૫ અન્વયે નીમેલી સમિતિની તા. ૧૧/ ૦૯/ ૨૦૦૭ની સભાની ભલામણનો **પરિશિષ્ટ**માં દર્શાવ્યા મુજબ સ્વીકાર કરવો.

**(પરિશિષ્ટ : ' ક ' )**

**૬.** શૈક્ષણિક વર્ષ ૨૦૦૬–૦૭ માટે યુનિવર્સિટીની અનુસ્નાતક શિષ્યવૃત્તિ અને શિક્ષણ લવાજમ સહાય એનાયત કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૪/ ૦૧/ ૨૦૦૭નાં ઠરાવ નં. ૨૩ અન્વયે નીમેલી સમિતિની તા.૧૧/૦૯/૨૦૦૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક )

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૦૬–૦૭ માટે યુનિવર્સિટીની અનુસ્નાતક શિષ્યવૃત્તિ અને શિક્ષણ લવાજમ સહાય એનાયત કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૪/ ૦૧/ ૨૦૦૭નાં ઠરાવ નં. ૨૩ અન્વયે નીમેલી સમિતિની તા.૧૧/૦૯/૨૦૦૭ની સભાની ભલામણનો **પરિશિષ્ટ**માં દર્શાવ્યા મુજબ સ્વીકાર કરવો.

**(પરિશિષ્ટ : ' ખ ' )**

**૭.** **AICTE** ના નવા નોર્મ્સ પ્રમાણે એમ. સી. એ.ના લેકચરર બનવા માટે **First Class B.E/ B.Tech. in Computer Science/ Information Technology/ Engineering Technology with GATE Qualification of minimum 80% percentile score** જરૂરી છે. આ સંજોગોમાં કોલેજોમાં લેકચરરની ભરતી શકય બનશે નહી. તેને ધ્યાને લેતા **AICTE** ના નવા નોર્મ્સ અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, **AICTE** ના નવા નોર્મ્સ પ્રમાણે લેકચરર બનવા માટે જયાં **GATE** ની પરીક્ષા જરૂરી હોય ત્યાં પાંચ વર્ષમાં પાસ કરવાની રહેશે. તેવી બાંહેધરી આપ્યા બાદ શરતી નિમણૂક આપવાની રહેશે, આ સમય દરમ્યાન નિયમોનુસારના ઈજાફાના લાભો આપવા.

**૮.** સને ૧૯૯૨–૯૩ના વર્ષના નિરંતરશિક્ષણ અને વિસ્તરણ કાર્ય અંગેની રૂા. ૧૦,૦૦૦/– ની ગ્રાંટ લીગલ લીટર્સી કેમ્પના હેતુ માટે ભરૂચ અને સુરત જિલ્લાઓમાં વર્કશોપ યોજવા માટે મળેલ હતી જેના હિસાબો નિરંતર શિક્ષણે આજ દિન સુધી અનેક પ્રયત્નો છતાં રજૂ કર્યા ન હતા. આ અંગે સિન્ડિકેટની તા. ૮–૦૯–૦૬ની બાબત : ૬૪ થી ૩ સભ્યોની એક તપાસ સમીતી રચવામાં આવી હતી. આ તપાસ સમિતિએ બેન્ક સ્ટેટમેન્ટ મંગાવી ખર્ચાની માહિતી ભેગી કરવા જણાવેલ જે બાબતમાં બેંકને પત્ર લખતા બેંકના નિયમ મુજબ ૯ (નવ) વર્ષથી વધારાનો રેકર્ડ ડીસ્ટ્રોય કર્યો હોવાથી બેંક દ્વારા માહિતી મળી શકી નથી રાજય સરકાર તથા યુજીસીએ નાણાંકીય જવાબદારી ન લેતાં સદર વિભાગ બંધ કરવામાં આવેલ નેશનલ લીગલ સર્વીસ ઓથોરીટીના પત્ર નં. **F.No.8(70) /92-CILAS /NALSA /2807** તા.૨૦–૦૮–૨૦૦૭ થી રૂા. ૧૦,૦૦૦/– પરત મોકલવા અથવા હિસાબ મોકલવા જણાવતાં યુનિવર્સિટીના " સેન્ટ્રલ ડેવલપમેન્ટ ફંડ" માંથી **" National Legal Services Authority "** ને રૂા.૧૦,૦૦૦/– નો ડીડી મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના " સેન્ટ્રલ ડેવલપમેન્ટ ફંડ" માંથી **" National Legal Services Authority "** ને રૂા.૧૦,૦૦૦/– નો ડીડી મોકલવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, નિરંતર શિક્ષણના તમામ બેંક ખાતાઓ બંધ કરવા અને તેના બેલેન્સની રકમ જમા લેવી.

**૯.** માનનીય સિન્ડિકેટ સભ્યશ્રી પ્રિ.ડૉ.યુ.ટી.દેસાઈએ એમ.ફિલ. અભ્યાસક્રમ અને પરીક્ષાના મહેનતાણાના દરના અમલ તથા લેખિત પરીક્ષાની ઉત્તરવહીના મૂલ્યાંકનના દર નકકી કરવા મા.કુલપતિશ્રીને ઉદેશીને લખેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પેપર ચેકીગના ૩ (ત્રણ) કલાકના રૂા. ૧૦/–, ૨ (બે) કલાકના પેપરના રૂા. ૬/– ચૂકવવાનું રાખવું અને પરીક્ષા ફી વિદ્યાર્થી પાસેથી રૂા. ૫૦૦/– લેવી, આ એમ. ફીલ. ના સમગ્ર મહેનતાણાંનો અમલ જૂન–૨૦૦૫થી કરવો.

**૧૦.** વિવિધ વિદ્યાશાખાઓ હેઠળના જુદા જુદા વિષયોમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને **Certificate of Merit** આપવા એકેડેમિક કાઉન્સિલએ તેની તા. ૦૫–૦૫–૦૭ની સભાના ઠરાવ ક્રમાંક : ૬૫ અન્વયે સિન્ડકેટને કરેલ ભલામણનો અમલ કરવા અંગે વહીવટી દ્રષ્ટિએ ઘણી મુશ્કેલીઓ સર્જાતી હોઈ છે પ્રતિવર્ષ લેવાતી ૪૦૦ જેટલી પરીક્ષાઓ કુલ્લ ૨૪૦૦ વિષયો આવરી લે છે. આ બધાનું રેન્ક લીસ્ટ અને સર્ટીફીકેટો આપવા અને સમય મર્યાદામાં યથાર્થ પરીપાલન કરતાં સમયનું બંધન રહે છે. પ્રસ્તુત સમય દરમ્યાન જ પદવી દાન સમારંભોની તારીખો પણ આવતી હોય છે. આ બાબતે સરકારશ્રીના તા. ૧૫–૦૭–૦૬ના પત્રમાં પણ માત્ર ડિગ્રી પરીક્ષામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને જ સરકારશ્રીએ નકકી કરેલ ગુણાંકન પધ્ધતિમાં મળવા પાત્ર લાભ આપવા જણાવેલ છે. આ સમગ્ર હકીકત ધ્યાને લઈ એકેડેમિક કાઉન્સિલના તા. ૦૫–૦૫–૦૭ની સભાના ઠરાવ ક્રમાંક : ૬૫ અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૦૫–૧૦–૦૭ની સભાની ભલામણ ક્રમાંક : (૪) પર વિચારણા કરવા બાબત.

**એકેડેમિક કાઉન્સિલની તા. ૦૫–૦૫– ૨૦૦૭ની ભલામણ ક્રમાંક – ૬૫**

:: આથી ઠરાવવામાં આવે છે કે, દરેક વિદ્યાશાખામાં વિષયવાર પ્રથમ ક્રમાંક આવનાર વિદ્યાર્થીને **Certificate of Merit** આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**એકેડેમિક કાઉન્સિલનો સૂચિત ઠરાવનો પાઠ**

:: આથી ઠરાવવામાં આવે છે કે, દરેક વિદ્યાશાખાની ડિગ્રી પરીક્ષામાં વિષયવાર પ્રથમ આવનાર વિદ્યાર્થીને **Certificate of Merit** આપવા સિન્ડિકેટને ભલામણ .

**એકેડેમિક કાઉન્સિલની તા. ૦૫–૧૦– ૨૦૦૭ની ભલામણ ક્રમાંક – ૪**

:: આથી ઠરાવવામાં આવે છે કે, દરેક વિદ્યાશાખાની ડિગ્રી પરીક્ષામાં વિષયવાર પ્રથમ આવનાર વિદ્યાર્થીને **Certificate of Merit** આપવા અંગેનો ઉપરોકત સૂચિત પાઠ સ્વીકારવામાં આવે છે અને તે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૫–૧૦–૨૦૦૭ની ભલામણ ક્રમાંકઃ

(૪)નો સ્વીકાર કરવો.

**૧૧.** વર્ષઃ ૨૦૦૭–૨૦૦૮નું યુનિવર્સિટી માટે સિકયુરીટી કોન્ટ્રાકટ માટેના મળેલ ટેન્ડર અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, હાલમાં કેમ્પસ પર કામગીરી કરતા સિકયુરીટી કોન્ટ્રાકટર શિવમ સિકયુરીટી એન્ડ ઈન્વેશ્ટીગેશન સર્વીસીસ, સુરતની સારી કામગીરીને ધ્યાને લઈને તથા તેઓ નીચે જણાવ્યા પ્રમાણેની વ્યકિત દીઠ માસિક ચૂકવણી સ્વીકારવા સહમત થયા હોઈ વર્ષ ૨૦૦૭–૨૦૦૮ એટલેકે તા. ૧૬ –૧૨– ૨૦૦૭થી તા. ૧૫–૧૨– ૨૦૦૮ સુધી મે. શિવમ સિકયુરીટી એન્ડ ઈન્વેશ્ટીગેશન સર્વીસીસ, સુરતને સિકયુરીટી કોન્ટ્રાકટનું કામ આપવું

સિકયુરીટી ગાર્ડ – રૂા. ૩૧૫૦/– પ્રતિમાસ વ્યકિત દીઠ
સિકયુરીટી સુપરવાઈઝર – રૂા. ૪૦૦૦/– પ્રતિમાસ વ્યકિત દીઠ
સિકયુરીટી ઓફિસર – રૂા. ૫૦૦૦/– પ્રતિમાસ વ્યકિત દીઠ

ઉપરોકત ચુકવણીની રકમ ઉપરાંત ૧૨. ૩૬% સર્વીસ ટેક્ષ ચૂકવવાનો રહેશે. આ ઉપરાંત ૧ (એક) ગનમેન લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

**૧૨.** સુરત મ્યુનિસીપલ ઈન્સ્ટિટયુટ ઓફ મેડિકલ એજયુકેશન એન્ડ રીસર્ચ, સુરતમાં ઈ.સ. ૨૦૦૪ માં વખતો વખત જુદી જુદી ફેકલ્ટી ના આસી.પ્રોફેસર, એસો.પ્રોફેસર તથા ટયુટરની જગ્યા માટે પસંદગી સમિતિ મળી હતી. જેથી જુદી જુદી ફેકલ્ટીમાં વખતો વખત મળેલ પસંદગી સમિતિ મુજબ અધ્યાપક ગણ પૈકી અમુક અધ્યાપક ગણની (કોલેજ તરફથી) શરતચૂકથી માન્યતા બાકી રહેલ છે. જે તે ફેકલ્ટીમાં પસંદગી પામેલ (પરિશિષ્ટ–અ માં બતાવ્યા મુજબ) અધ્યાપક ગણની માન્યતા અદ્યપિ મળેલ નથી. સિન્ડિકેટે તેની તા.૩૦–૫–૨૦૦૭ ની સભાનો ઠરાવ ક્રમાંકઃ (૧૧) માં ઠરાવ્યા મુજબ મા. કુલપતિશ્રીએ નિમેલ સમિતિ એ મોકલેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સુરત મ્યુનિસીપલ ઈન્સ્ટિટયુટ ઓફ મેડિકલ એજયુકેશન એન્ડ રીસર્ચ, સુરતમાં ઈ.સ. ૨૦૦૪ માં વખતો વખત જુદી જુદી ફેકલ્ટીના આસી.પ્રોફેસર, એસો.પ્રોફેસર તથા ટયુટરની જગ્યા માટે મા. કુલપતિશ્રીએ નિમેલ સમિતિએ મોકલેલ અહેવાલનો **પરિશિષ્ટ**માં દર્શાવ્યા મુજબ સ્વીકાર કરવો.

**(પરિશિષ્ટ : ' ગ ' )**

**૧૩.** યુનિવર્સિટી કાર્યાલયમાં ફરજ બજાવતાં નીચે દર્શાવેલા વહીવટી કર્મચારીઓને આપવામાં આવેલ બઢતી સંદર્ભમાં એક વર્ષનાં અજમાયશી સમય તેઓના નામ સામે દર્શાવેલ તારીખે પૂરા થતો હોય તેઓને નોકરીમાં કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

| **ક્રમ** | **કર્મચારીના નામ** | **હોદ્દો** | **વિભાગ** | **બઢતીની તારીખ** | **કાયમ કરવાની તારીખ** |
|---|---|---|---|---|---|
| ૧. | કુ.આર.એન. મંગીરમલાણી | કાર્યાલય અધિક્ષક (ટાઈપીગ) | કુલસચિવશ્રી કાર્યાલય | ૦૯/૧૧/૨૦૦૬ | ૦૮/૧૧/૨૦૦૭ |
| ૨. | શ્રીમતી યુ.એન. વાઘેલા | હેડ કલાર્ક | પરીક્ષા | ૦૬/૧૨/૨૦૦૬ | ૦૫/૧૨/૨૦૦૭ |
| ૩. | શ્રી પી.ડી. સોલંકી | સિનિયર કલાર્ક | સેનેટ/સિન્ડિકેટ | ૦૬/૧૨/૨૦૦૬ | ૦૫/૧૨/૨૦૦૭ |

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયમાં બઢતીથી એક વર્ષના અજમાયશી સમય પર નિમણૂંક પામેલ ઉપરોકત જણાવેલ કર્મચારીઓને જે તે તારીખથી તેમના હોદ્દા પર કાયમી નિમણૂંક આપવી.

**૧૪.** ગર્વમેન્ટ મેડીકલ કોલેજ, સુરતના એનેટોમી ડિપાર્ટમેન્ટના હેડ ડૉ. (મીસીસ) એસ. ભાગવતના તા. ૨૬/ ૬/૨૦૦૬ના પત્ર આદેશાનુસાર પરીક્ષા આચાર સમિતિની તા. ૧૨/ ૭/ ૨૦૦૭ની સભામાં રજુ કરતાં પરીક્ષા આચાર સમિતિની સભાના ઠરાવ મુજબ ડૉ. (મીસીસ) એસ. ભાગવતની અરજ માન્ય રાખવી કે ન રાખવી તે અંગેનો સ્પષ્ટ અભિપ્રાય મેડીકલ ફેકલ્ટીના ડીનશ્રી પાસેથી મંગાવવા અને તે ડીનશ્રીનો અભિપ્રાય સિન્ડિકેટમાં મુકવા ઠરાવેલ હોય, જે ડીનશ્રીનો અભિપ્રાય સિન્ડિકેટમાં રજુ કરતાં પ્રસ્તુત અભિપ્રાય અંગે સિન્ડિકેટે તેની તા.૪/૦૧/૨૦૦૭ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૬અન્વયે તબીબી વિદ્યાશાખા હેઠળની યુનિવર્સિટી પરીક્ષામાં ડૉ. (મીસીસ) એસ. ભાગવત કયા કલરની પેન અને પેન્સિલ વાપરવા અંગે મંજુરી માંગે છે તે અંગેનો સ્પષ્ટ અભિપ્રાય મંગાવ્યા બાદ પ્રસ્તુત બાબત પુનઃ સિન્ડિકેટ સમક્ષ રજુ કરવા જણાવ્યું હોય, જેથી ડૉ. (મીસીસ) એસ. ભાગવત રિટાર્યડ થયા હોવાથી ડીનશ્રી ગર્વમેન્ટ મેડીકલ કોલેજનો અભિપ્રાય મંગાવતા ડીનશ્રી ગર્વમેન્ટ મેડીકલ કોલેજે એમના તા. ૪/ ૧૦/ ૨૦૦૭ના પત્રથી અભિપ્રાય મોકલાવેલ છે. જે આ સાથે સામેલ છે.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત **પરિશિષ્ટ**માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવી.

**(પરિશિષ્ટઃ ' ઘ ')**

**૧૫.** એપ્રિલ–૨૦૦૬ **M. Law** વિષયના પેપરો વાપીની આર. કે. દેસાઈ કોલેજ ખાતેથી લીક થવા અંગેની ફરિયાદ બાબતના સિન્ડિકેટે ત્રણ સભ્યોની નીમેલ તપાસ સમિતિએ આપેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એપ્રિલ–૨૦૦૬ **M. Law** વિષયના પેપરો વાપીની આર. કે. દેસાઈ કોલેજ ખાતેથી લીક થવા અંગેની ફરિયાદ બાબતના સિન્ડિકેટે ત્રણ સભ્યોની નીમેલ તપાસ સમિતિને ગેરરીતી બાબતે ચોકકસ જવાબદારી નકકી કરવા કમિટીને જણાવવું.

**૧૬.** યુનિવર્સિટી કાર્યાલયના વ્યાપાર ઉદ્યોગ અને સંચાલન વિભાગમાં પ્લેસમેન્ટ ઓફિસર તરીકે ફરજ બજાવતાં શ્રી દર્શન બી. પુરોહિતને તા. ૧૦/ ૧૧/ ૨૦૦૫ ના રોજથી બે વર્ષના અજમાયશી ધોરણે આપવામાં આવેલ પ્લેસમેન્ટ ઓફિસરની નિમણૂંકના સંદર્ભમાં તેમનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૯/ ૧૧/ ૨૦૦૭ના રોજ પૂરો થતો હોય તેઓને સદર જગા પર કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયના વ્યાપાર ઉદ્યોગ અને સંચાલન વિભાગમાં પ્લેસમેન્ટ ઓફિસર તરીકે ફરજ બજાવતાં શ્રી દર્શન બી. પુરોહિતને તા. ૧૦/ ૧૧/ ૨૦૦૫ ના રોજથી બે વર્ષના અજમાયશી ધોરણે આપવામાં આવેલ પ્લેસમેન્ટ ઓફિસરની નિમણૂંકના સંદર્ભમાં તેમનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૯/ ૧૧/ ૨૦૦૭ના રોજ પૂરો થતો હોય તેઓને સદર જગા પર કાયમ કરવા માટે મંજૂરી આપવી.

**૧૭.** આયોગ, ન્યુ દિલ્હીએ અગિયાર પ્લાનમાં **General Plan Development Assistance for Merged Scheme** હેઠળ પ્રથમ હપ્તા તરીકે રૂા. ૮૦, ૭૬, ૦૦૦/– (એંશી લાખ છોત્તેર હજાર પૂરા) મંજૂર કરી રીલીઝ કર્યા અંગેની જાણ કરતા આયોગ, ન્યુ દિલ્હીના તા. ૨૪/ ૦૯/ ૨૦૦૭ના પત્રાંક : **F/ No. 30-3/ 2007 (SU-I)** પત્રની નોંધ લેવા અંગે તથા પ્રસ્તુત પત્ર સાથે **ANNEXURE-I** માં જણાવેલ **(Merged Schemes, XIth Plan)** અંગે વિચારણા કરવા બાબત.

(યુ.જી. સી.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, આયોગ, ન્યુ દિલ્હીએ અગિયાર પ્લાનમાં **General Plan Development Assistance for Merged Scheme** હેઠળ પ્રથમ હપ્તા તરીકે રૂા. ૮૦, ૭૬, ૦૦૦/– (એંશી લાખ છોત્તેર હજાર પૂરા) મંજૂર કરી રીલીઝ કર્યા અંગેની જાણ કરતા આયોગ, ન્યુ દિલ્હીના તા. ૨૪/ ૦૯/ ૨૦૦૭ના પત્રાંક : **F/ No. 30-3/ 2007 (SU-I)** પત્રની નોંધ લેવા અંગે તથા પ્રસ્તુત પત્ર સાથે **ANNEXURE-I** માં જણાવેલ **(Merged Schemes, XIth Plan)** **પરિશિષ્ટ**માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવું.

**(પરિશિષ્ટ: ' ચ ')**

**૧૮.** પરીક્ષા આચાર સમિતિની તા. ૨૧/ ૯/ ૨૦૦૭ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૨૧–૯–૨૦૦૭ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો **પરિશિષ્ટ** માં આપ્યા મુજબ યથાવત મંજૂર કરવી.

**(પરિશિષ્ટ: ' છ ')**

**૧૯.** પરીક્ષા આચાર સમિતિની તા. ૨૯/ ૯/ ૨૦૦૭ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૨૯–૯–૨૦૦૭ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો **પરિશિષ્ટ** માં આપ્યા મુજબ યથાવત મંજૂર કરવી.

**(પરિશિષ્ટ: ' જ ')**

**૨૦.** પરીક્ષા આચાર સમિતિની તા. ૧૭/ ૧૦/ ૨૦૦૭ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૧૭–૧૦–૨૦૦૭ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણ ક્રમાંક : ૦૧ (અ), ૦૧ (બ), ૦૧ (ક), ૦૨, ૦૩, ૦૪,૦૫ **પરિશિષ્ટ** માં આપ્યા મુજબ યથાવત મંજૂર કરવી અને ભલામણ ક્રમાંક : ૦૧ (ડ)ને નીચે મુજબના સુધારા વધારા સાથે મંજુર કરવી.

ભલામણ ક્રમાંક : ૦૧ (ડ)માં દર્શાવેલ બેઠક ક્રમાંક : ૦૬૦૯૦૨૯ વાળા પરીક્ષાર્થીએ કેલકયુલેટર પર લખેલ ફોર્મ્યુલા જે તે સંબંધિત વિષયનું છે કે કેમ તે બાબતે વિષય નિષ્ણાંતશ્રીનો અભિપ્રાય લેવો. વિષયને લગતું હોયતો જરૂરી સજા કરવી નહી તો આચાર સમિતિનો નિર્ણય અંતિમ રહેશે.

**(પરિશિષ્ટ: ' ઝ ')**

**૨૧.** પરીક્ષા આચાર સમિતિની તા. ૦૨/ ૧૧/ ૨૦૦૭ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૦૨–૧૧–૨૦૦૭ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો **પરિશિષ્ટ** માં આપ્યા મુજબ યથાવત મંજૂર કરવી.

**(પરિશિષ્ટઃ ' ટ ')**

**૨૨.** યુનિવર્સિટીના પ્રુફ રીડર શ્રી એ. ટી. કાયસ્થે (૧) ડૉ. બી. એ. પરીખ, કુલપતિશ્રી (૨) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તથા (૩) કમિશ્નરશ્રી, હાયર એજયુકેશન, ગાંધીનગર વિરૂધ્ધ નામદાર ગુજરાત યુનિવર્સિટીઝ સર્વિસીસ ટ્રીબ્યુનલ, અમદાવાદ સમક્ષ અપીલ નં. ૨ સને ૧૯૯૯ દ્વારા પડકારવામાં આવ્યો હતો. જેનો ચુકાદો (જજમેન્ટ) શ્રી એ. ટી. કાયસ્થ દ્વારા તા. ૨૪/ ૯/ ૨૦૦૭ના રોજ આ કાર્યાલયને મળેલ છે. જે જજમેન્ટ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતના સર્વગ્રાહી અભ્યાસ માટે નીચે મુજબની તપાસ સમિતિની નિમણુંક કરવી ત્યાં સુધી કોર્ટ પાસે સમય માંગવો.
(૧) શ્રી મયુરભાઈ ચૌહાણ (૨) આ. ડૉ. વિક્રમભાઈ દેસાઈ (૩) શ્રીમતી જાગૃતિબેન પટેલ
તપાસ સમિતિનો અહેવાલ આવ્યા બાદ બાબત પુનઃ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

**૨૩.** રીપીટર તેમજ એક પ્રવાહ બદલી બીજા પ્રવાહમાં તે જ કોલેજમાં પ્રવેશ મેળવવા આવતાં વિદ્યાર્થી એફ. વાય. બી. એ. (આર્ટ્સ ) તેમજ એફ. વાય. બી. કોમ. (કોમર્સ)માં પ્રવેશ અંગે માર્ગદર્શક નિયમો બનાવવા માટે ડૉ. કે. એન. ચાવડાનાં તા. ૨૪ – ૦૯ – ૨૦૦૭નાં પત્રમાં કરેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, રીપીટર તેમજ એક પ્રવાહ બદલી બીજા પ્રવાહમાં તે જ કોલેજમાં પ્રવેશ મેળવવા આવતાં વિદ્યાર્થી એફ. વાય. બી. એ. (આર્ટ્સ ) તેમજ એફ. વાય. બી. કોમ. (કોમર્સ)માં પ્રવેશ અંગે માર્ગદર્શક નિયમો બનાવવા માટે નીચે મુજબની સમિતિની નિમણૂંક કરવી.
(૧) ડૉ. કિરણભાઈ પંડયા (ડીનશ્રી આર્ટ્સ ફેકલ્ટી)
(૨) આ. ડૉ. યુ. ટી. દેસાઈ (ડીનશ્રી કોમર્સ ફેકલ્ટી)

**૨૪.** પદવી પ્રમાણપત્ર અને માર્કશીટની ઝેરોક્ષ કોપીની ખરાઈ માટે નીચે મુજબના નિયમો કાયમી ધોરણે રાખવા વિચારણા કરવા બાબત.......

(૧) પદવી પ્રમાણપત્ર અને માર્કશીટની ફેકસ કોપીની ખરાઈ કરવી નહી.
(૨) પદવી પ્રમાણપત્ર અને માર્કશીટની સ્પષ્ટ અને સુવાચ્ય ઝેરોક્ષ કોપીનીજ ખરાઈ કરવી, જેમાં અન્યના સહી સિકકા ન હોય યુનિવર્સિટીએ ઈશ્યુ કરેલ મૂળ દસ્તાવેજની જ ઝેરોક્ષ નકલ સ્વીકારવી.
(૩) ખરાઈ માટે જયારે સંસ્થા મોકલે ત્યારે જે તે સંસ્થાનો ફોરવર્ડિંગ લેટર હોવો જોઈએ.
(૪) પાંચ (૫) વર્ષના ડિગ્રી પ્રમાણપત્રો અને માર્કશીટ માટે સાત (૭) દિવસ, ૫ વર્ષથી ઉપરના સદર દસ્તાવેજો માટે ૧૦ (દસ) દિવસ અને ૧૦ વર્ષથી ઉપરના દસ્તાવેજો માટે ૧૫ દિવસની સમય મર્યાદા રાખીએ.
(૫) શિક્ષણ વિભાગ, ગાંધીનગર (ગુજરાત રાજય)ને વિના મૂલ્યે ચકાસણી કરી આપીએ.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પદવી પ્રમાણપત્ર અને માર્કશીટની ઝેરોક્ષ કોપીની ખરાઈ માટે ઉપર

મુજબના નિયમો કાયમી ધોરણે રાખવા મંજુરી આપવી.

**૨૫.** જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી (જિ. સુરત)ના પ્રમુખશ્રી કાંતિલાલ જી. શાહના, સુટેક્ષ બેન્ક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ (બીસીએ અભ્યાસક્રમ) અને એમ. જી. શાહ ઈન્સ્ટીટયુટ ઓફ ગ્રેજયુએશન ઓફ મેડીકલ ટેકનોલોજી (બી. એસસી. મેડીકલ ટેકનોલોજી) કોલેજને સંયુકત કરવાની મંજુરી આપવા અંગેના તા. ૧૫–૧૦–૨૦૦૭નાં પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી (જિ. સુરત)ના પ્રમુખશ્રી કાંતિલાલ જી. શાહના, સુટેક્ષ બેન્ક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ (બીસીએ અભ્યાસક્રમ) અને એમ. જી. શાહ ઈન્સ્ટીટયુટ ઓફ ગ્રેજયુએશન ઓફ મેડીકલ ટેકનોલોજી (બી. એસસી. મેડીકલ ટેકનોલોજી) કોલેજને સંયુકત કરવાની મંજુરી આપવી.

**૨૬.** યુનિવર્સિટી કાર્યાલયના સિન્ડિકેટ વિભાગના તા. ૨૨ – ૮ –૨૦૦૭ના પરિપત્રાંકઃ એસ–એ(એફ. ડી.) (૦૭)/ ૮૫૪૯ સંદર્ભે, ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં તા.૬–૭–૨૦૦૨નાં પરિપત્રાંક : યજન–૧૦૨૦૦૧–(૨૮)–ખ–૧ મુજબ ઉચ્ચ શિક્ષણક્ષેત્રમાં ઉચ્ચ તથા તાંત્રિક શિક્ષણના અભ્યાસક્રમો ચલાવતી કોલેજો –સંસ્થાઓને જોડાણ મંજૂર કરવાની માર્ગદર્શક સૂચનાઓ પેકીની સૂચના ૨ (અ) (૩) મુજબ સંસ્થા/ ટ્રસ્ટ / કોલેજે રૂા. ૬ લાખની ફીકસ ડિપોઝીટ દરેક વિદ્યાશાખા દીઠ યુનિવર્સિટીના કુલસચિવ અને જે તે સંસ્થાના પ્રમુખ/ મેનેજીંગ ટ્રસ્ટીના સંયુકત નામે રાષ્ટ્રકૃત બેંકમાં ૬ વર્ષ માટે જમા કરાવવાની રહેશે. જે અભ્યાસક્રમનાં જોડાણ માટે ફીકસ ડિપોઝીટ જમા કરાવી હોય તે અભ્યાસક્રમનું જોડાણ કાયમી જોડાણમાં પરવર્તીત ન થાય ત્યાં સુધી ફીકસ ડિપોઝીટ વ્યાજસહિત રીન્યુ કરાવવાની રહેશે. સદર પરિપત્રનો અમલ અનુસ્નાતક કક્ષાએ સ્વનિર્ભર ધોરણે અભ્યાસક્રમ શીખવતી કોલેજ/ સંસ્થા/ ઈન્સ્ટિટયુટ/ ટ્રસ્ટને લાગુ પાડવા અંગે વિચારણા કરવા બાબત.

(અુનસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ૨ (બે) કે તેથી વધું વર્ષની ઉપરના અભ્યાસક્રમ (કોર્ષ) હોય તો સરકારશ્રીના ધારાધોરણો મુજબ ડીપોઝીટ લેવી પરંતુ જો ડીપ્લોમા કોર્ષ હોય તો ડીપોઝીટ લેવી નહી.

**૨૭.** યુનિવર્સિટીના હિસાબી વિભાગના પરિપત્ર ક્રમાંક : હિસાબી/ ઈજાપ્રવાસ રાહત/ ૧૧૭૦૧/ ૨૦૦૭, તા. ૫–૧૦–૨૦૦૭થી એલ. ટી. સી.(રજા પ્રવાસ રાહત)નો લાભ કાયમી કર્મચારીઓને મળવાપાત્ર છે, જે લાભ સ્વનિર્ભર અભ્યાસક્રમના કર્મચારીઓ માટે તેઓના વિભાગના સ્વનિર્ભર પ્રોગ્રામ ફંડમાંથી લાગુ પાડી શકાય કે કેમ ? તે અંગે યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતાં એમ. એસસી. (આઈ. ટી.) સેલ્ફ ફાઈનાન્સ પ્રોગ્રામના ઈ.ચા. ડાયરેકટર શ્રી એસ. વી. પટેલના તા. ૧૫–૧૦–૨૦૦૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, રાજય સરકાર દ્વારા યુનિવર્સિટી અને ગ્રાન્ટ ઈન એઈડ (અનુદાનપાત્ર) કોલેજોમાં વખતો વખત આપવામાં આવતા તમામ લાભો નિયમોનુસાર યુનિવર્સિટી કેમ્પસ પર ચાલતાં સ્વનિર્ભર અભ્યાસક્રમના કર્મચારીઓને આપવા.

૨૮. **Ph.D.** અભ્યાસનાં પ્રવેશ વખતે નવા **O. Ph.D. 1 (1 to 7)** મુજબ નોંધણી કરાવનાર વિદ્યાર્થીઓની રાખવામાં આવતી મૌખિક પરીક્ષા તેમજ પ્રપોઝલ પ્રેઝન્ટેશન વખતે નિમાયેલ **DRSC/ RSC** ના સભ્યો દ્વારા કરવામાં આવતી કામગીરી માટે મહેનતાણાં આપવા અંગે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, માત્ર મા.કુલપતિશ્રીના પ્રતિનિધિને રૂા. ૨૦૦/– એનોરેરીયમ આપવું.

૨૯. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી ટી. વાય. બી. એ.ની પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થી ભકત મિતુલ વામનભાઈની તા. ૨૫/ ૧૦/ ૨૦૦૭ની અરજી અનુસાર તેમનું સ્ત્રી જાતિમાંથી પુરૂષ જાતિમાં શસ્ત્રક્રિયા ધ્વારા જાતિ પરિવર્તન થયું હોવાથી તેમની એફ. વાય. બી. એ., એસ. વાય. બી. એ. અને ટી. વાય. બી. એ.ની માર્કશીટના નામમાં જરૂરી ફેરફાર કરી આપવા અંગે કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ટી. વાય. બી. એ.ની પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થી ભકત મિતુલ વામનભાઈની તા. ૨૫/ ૧૦/ ૨૦૦૭ની અરજીમાં કરેલ વિનંતી ગ્રાહય રાખવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, તેમાં વડી અદાલતના ચૂકાદાનો ઉલ્લેખ કરવો, અને ડુપ્લીકેટ માર્કસશીટ આપવી.

૩૦. **Ordinance 66 (2) - C** મુજબ અનુસ્નાતક કક્ષાએ નિયત અરજીપત્રક **(form - B/ C/ D)** માં કોલેજ/ સંસ્થા/ ઈન્સ્ટિયૂટ/ ટ્રસ્ટ દ્વારા સ્વનિર્ભર ધોરણે અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવા/ ચલાવવા માટે નવી અરજી સંદર્ભે ન્યૂ એફિલીયેશન/ રેકગનીશન/ એપ્રુવલ ફીની જોગવાઈ હેઠળ ફી લેવામાં આવે છે. પરંતુ અનુસ્નાતક કક્ષાએ ગ્રાન્ટ ઈન એઈડ હેઠળ નિયત અરજી પત્રક **(form - A)** માં કોલેજ/ ટ્રસ્ટ દ્વારા અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવા/ ચલાવવા માટે નવી અરજી સંદર્ભે ન્યૂ એફિલીયેશન/ રેકગનીશન/ એપ્રુવલ ફીની કોઈ જોગવાઈ હાલ નથી. જેથી આ અંગેની કોઈપણ પ્રકારની ફી લેવામાં આવતી નથી. સ્વનિર્ભર તથા ગ્રાન્ટ ઈન એઈડ ધોરણે અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવા/ ચલાવવા માટેની અરજીઓની તમામ પ્રોસેસ સમાંતર સરખી કરવામાં આવે છે. પરંતુ સ્વનિર્ભર ધોરણે કરાતી અરજીઓની અરજી ફી/ એફિલીયેશન ફી ( પ્રોસેસ ફી) લેવામાં આવે છે અને ગ્રાન્ટ ઈન એઈડ ધોરણે કરાતી અરજીઓની અરજી ફી/ એફિલીયેશન ફી (પ્રોસેસ ફી) લેવામાં આવતી નથી. પ્રસ્તુત બાબત અંગે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક કક્ષાએ ગ્રાન્ટ ઈન એઈડ ધોરણે અભ્યાસક્રમ શરૂ કરવા માટે, ચલાવવા માટે અરજી ફી/ એફિલીયેશન ફી(પ્રોસેસ ફી) લેવી નહી.

**૩૧.** અનુસ્નાતક શિક્ષણ મંડળ **(B.U.T.)** ના ઠરાવ (ક્રમાંક : ૨ / તા. ૨૦–૧૦–૨૦૦૫) ના અનુસંધાનમાં શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮–૦૯ થી અનુસ્નાતક કક્ષાએ સ્વનિર્ભર / ગ્રાંન્ટ ઈન એઈડ ધોરણે અભ્યાસક્રમ શરૂ કરવા / * અભ્યાસક્રમ ચલાવવાની માન્યતા ચાલુ રાખવા માટે નીચે જણાવેલ જે તે કોલેજ / સંસ્થા / ઈન્સ્ટીટયૂટ તરફથી નિયત કરેલા ફોર્મેટમાં યુનિવર્સિટીને મળેલ અરજી સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિ **(L.I.C.)** ની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

| **Sr. No.** | **College / Institute / Trust** | **Degree (Subject)** |
|---|---|---|
| * 1. | K.B.S. College of Professional Science & Commerce, Vapi<br>***Application date : 22-10-2007***<br>***Renewal*** *Application fees :2,000 /-*<br>*Receipt No : 100180* | P.G.D.M.L.T.<br>(Medical Laborato Technology) |
| * 2. | S.R. Luthra Institute of Management, Surat<br>***Application date : 23-10-2007***<br>***Renewal*** *Application fees :10,000 /-*<br>Receipt No :69778 | M.B.A. |
| * 3. | Sarvajanik College of Engineering & Technology (SCET), Surat<br>***Application date : 23-10-2007***<br>***Renewal*** *Application fees :5,000 /-*<br>Receipt No : 100807 | M.Sc.<br>(Environmental Science) |
| * 4. | Institute of Medical Technology, Udhna, Surat<br>***Application date : 24-10-2007***<br>***Renewal*** *Application fees :2,000 /-*<br>*Receipt No : 101276* | M.Sc.<br>(Medical Technology) |
| 5. | C.N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara, Surat<br>***Application date : 24-10-2007***<br>***New*** *Application fees :50,000 /-*<br>Receipt No : 101139 | M.D.<br>(Homoeopathy) |
| 6. | Laxmi Institute of Management, Sarigam, Valsad<br>***Application date : 24-10-2007***<br>***New*** *Application fees :1,50,000 /-*<br>Receipt No : 100997 | M.B.A. |
| 7. | Laxmi Institute of Computer Applications, Sarigam, Valsad<br>***Application date : 24-10-2007***<br>***New*** *Application fees :1,00,000 /-*<br>Receipt No : 100987 | M.C.A. |
| * 8. | Biotech Institute of Medical Technology, Kim, Surat<br>***Application date : 25-10-2007***<br>***Renewal*** *Application fees :2,000 /-*<br>Receipt No : 101661 | P.G.D.M.L.T.<br>(Medical Laboratory Technology) |
| * 9. | Arts, Science & Commerce College, Kholwad, Surat<br>***Application date : 26-10-2007***<br>***Renewal*** *Application fees :2,000 /-*<br>Receipt No : 102132 | P.G.D.M.L.T.<br>(Medical Laboratory Technology) |
| * 10. | Sir K.P. College of Commerce, Surat<br>***Application date : 27-10-207***<br>***Permanent*** *Application fees :15,000 /-*<br>Receipt No : 102599 | P.G. Diploma in Tax Management |
| * 11. | Sir K.P. College of Commerce, Surat<br>***Application date : 27-10-2007***<br>***Renewal*** *Application fees :2,000 /-*<br>Receipt No : 102602 | P.G. Diploma in Internal Audit |

| Sr. No. | College / Institute / Trust | Degree (Subject) |
|---|---|---|
| 12. | Sir K.P. College of Commerce, Surat<br>***Application date : 27-10-2007***<br>***New*** *Application fees :40,000 /-*<br>Receipt No : 102450 | P.G. Diploma in Co-Operative Management |
| 13. | Sir K.P. College of Commerce, Surat<br>***Application date : 27-10-2007***<br>***New*** *Application fees :40,000 /-*<br>Receipt No : 102450 | P.G. Diploma in Insurance Business |
| 14. | Sir K.P. College of Commerce, Surat<br>***Application date : 27-10-2007***<br>***New*** *Application fees :40,000 /-*<br>Receipt No : 102450 | P.G. Diploma in Computer Base Accounting |
| 15. | Sir K.P. College of Commerce, Surat<br>***Application date : 27-10-2007***<br>***New*** *Application fees :40,000 /-*<br>Receipt No : 102450 | P.G. Diploma in Finance Services |
| 16. | Sir K.P. College of Commerce, Surat<br>***Application date : 27-10-2007***<br>***New*** *Application fees :40,000 /-*<br>Receipt No : 102450 | P.G. Diploma in International Business |
| 17. | C.K. Pithawala Institute of Management, Surat<br>***Application date : 24-10-2007***<br>***Renewal*** *Application fees :10,000 /-*<br>Receipt No : 102507 | M.B.A. |
| * 18. | Ramkrishna Institute of Computer Education & Applied Sciences, Surat<br>***Application date : 27-10-2007***<br>***Renewal*** *Application fees :2,000 /-*<br>Receipt No :102450 | M.Sc.<br>(Microbiology) |
| * 19. | SMIMER, Surat<br>***Application date :27-10-2007***<br>***Renewal*** *Application fees :15,000 /-*<br>Receipt No :102546 | M.D.<br>(Paediatrics) |
| * 20. | SMIMER, Surat<br>***Application date :27-10-2007***<br>***Renewal*** *Application fees :15,000 /-*<br>Receipt No :102546 | M.D.<br>(Anesthesiology) |
| * 21. | SMIMER, Surat<br>***Application date :27-10-2007***<br>***Renewal*** *Application fees :15,000 /-*<br>Receipt No :102546 | M.D.<br>(Obstetrics & Gynecology) |
| * 22. | SMIMER, Surat<br>***Application date :27-10-2007***<br>***Renewal*** *Application fees :15,000 /-*<br>Receipt No :102546 | M.D.<br>(Community Medicine) |
| * 23. | SMIMER, Surat<br>***Application date :27-10-2007***<br>***Renewal*** *Application fees :15,000 /-*<br>Receipt No :102546 | M.D.<br>(General Medicine) |
| * 24. | SMIMER, Surat<br>***Application date :27-10-2007***<br>***Renewal*** *Application fees :15,000 /-*<br>Receipt No :102546 | M.S.<br>(Orthopedics) |
| * 25. | SMIMER, Surat<br>***Application date :27-10-2007***<br>***Renewal*** *Application fees :15,000 /-*<br>Receipt No :102546 | M.S.<br>(General Surgery) |

| Sr. No. | College / Institute / Trust | Degree (Subject) |
|---|---|---|
| * 26. | SMIMER, Surat<br>***Application date :27-10-2007***<br>***Renewal*** *Application fees :15,000 /-*<br>Receipt No :102546 | M.S.<br>(Ophthalmology) |
| * 27. | Bhagwan Mahaveer College of Management, Bharthana, Surat<br>***Application date :27-10-2007***<br>***Renewal*** *Application fees :10,000 /-*<br>Receipt No :102590 | M.B.A. |
| * 28. | Bhagwan Mahaveer College of Education, Bharthana, Surat.<br>***Application date :27-10-2007***<br>***Renewal*** *Application fees :2,000 /-*<br>Receipt No :102590 | M.Ed. |
| * 29. | Bhagwan Mahaveer College of M.Sc. Biotechnology, Bharthana, Surat<br>***Application date :27-10-2007***<br>***Renewal*** *Application fees :20,000 /-*<br>Receipt No :102590 | M.Sc.<br>(Biotechnology)<br>***(5 yrs integrated)*** |
| * 30. | Bhagwan Mahaveer College of Physical Education, Bharthana, Surat<br>***Application date :27-10-2007***<br>***Renewal*** *Application fees :2,000 /-*<br>Receipt No :102590 | M.P.Ed.<br>(Physical Education) |
| * 31. | GIDC Rajju Shroff Rofel Institute of Management Studies, Vapi<br>***Application date :29-10-2007***<br>***Renewal*** *Application fees :10,000 /-*<br>Receipt No :102712 | M.B.A. |
| 32. | GIDC Rajju Shroff Rofel Institute of Management Studies, Vapi<br>***Application date :29-10-2007***<br>***New*** *Application fees :1,50,000 /-*<br>Receipt No :102705 / 102697 | M.B.A. (Evening) |
| * 33. | Dolat Usha Institute of Applied Sciences, Valsad<br>***Application date :29-10-2007***<br>***Renewal*** *Application fees :2,000 /-*<br>Receipt No :103303 | P.G.D.M.L.T.<br>(Medical Laboratory Technology) |
| 34. | K.B.S. College of Professional Science & Commerce, Vapi<br>***Application date :29-10-2007***<br>***New*** *Application fees :40,000 /-*<br>Receipt No :103187 | P.G. Diploma in Tax Management |
| * 35. | Sarvajanik Medical Trust, Surat<br>***Application date :30-10-2007***<br>***Renewal*** *Application fees :2,000 /-*<br>**Receipt No :103876** | P.G.D.M.L.T.<br>(Medical Laboratory Technology) |
| * 36. | Narmada College of Management, Zadeshwar, Bharuch<br>***Application date :30-10-2007***<br>***Renewal*** *Application fees :10,000 /-*<br>**Receipt No :103835** | M.B.A. (Evening) |
| * 37. | Narmada College of Management, Zadeshwar, Bharuch<br>***Application date :30-10-2007***<br>***Renewal*** *Application fees :2,000 /-*<br>**Receipt No :103826** | M.B.A. |

| Sr. No. | College / Institute / Trust | Degree (Subject) |
|---|---|---|
| 38. | Shree Dhanvantary Pharmacy College, Kim, Surat<br>***Application date :30-10-2007***<br>***New** Application fees :1,50,000 /-*<br>Receipt No :104181 | M.Sc.<br>(Biotechnology)<br>***(5 yrs integrated)*** |
| 39. | Shree Dhanvantary Pharmacy College, Kim, Surat<br>***Application date :30-10-2007***<br>***New** Application fees :1,50,000 /-*<br>Receipt No :104166 | M.Sc.<br>(Biochemistry)<br>***(5 yrs integrated)*** |
| 40. | Shree Dhanvantary Pharmacy College, Kim, Surat<br>***Application date :30-10-2007***<br>***New** Application fees :1,50,000 /-*<br>Receipt No :104172 | M.Sc.<br>(Pharmaceutical Science) |
| 41. | Shree Dhanvantary Pharmacy College, Kim, Surat<br>***Application date :30-10-2007***<br>***New** Application fees :50,000 /-*<br>Receipt No :104177 | M. Pharm.<br>(Pharmaceutical Chemistry, Pharmacology) |
| * 42 | Narmada College of Computer Application, Zadeshwar, Bharuch<br>***Application date :30-10-2007***<br>***Permanent** Application fees :25,000 /-*<br>**Receipt No :104214** | M.C.A. |
| * 43 | South Gujarat Institute of Medical Sciences, Navsari<br>***Application date :30-10-2007***<br>***Renewal** Application fees :2,000 /-*<br>**Receipt No :104198** | P.G.D.M.L.T.<br>(Medical Laboratory Technology) |
| * 44 | Srimad Rajchandra Institute of Management, Tarsadi, Surat<br>***Application date :30-10-2007***<br>***Renewal** Application fees :10,000 /-*<br>**Receipt No :104107** | M.B.A. |
| * 45 | C.G. Bhakta Institute of Biotechnology, Tarsadi, Surat<br>***Application date :30-10-2007***<br>***Renewal** Application fees :2,000 /-*<br>**Receipt No :104198** | M.Sc.<br>(Biotechnology)<br>***(5 yrs integrated)*** |
| * 46 | Srimad Rajchandra Institute of Computer Application, Tarsadi, Surat<br>***Application date :30-10-2007***<br>***Renewal** Application fees :10,000 /-*<br>**Receipt No :104112** | M.C.A. |
| * 47 | Sarvajanik College of Engineering & Technology (SCET), Surat<br>***Application date :27-10-2007***<br>***Renewal** Application fees :5,000 /-*<br>**Receipt No :102506** | M.Arch.<br>(City Design) |
| 48 | Ramkrishna Institute of Computer Education & Applied Sciences, SuratS<br>***Application date :1-11-2007***<br>***New** Application fees :1,50,000 /-*<br>**Receipt No :104407** | M.Sc.<br>(Biotechnology)<br>***(5 yrs integrated)*** |
| 49 | M.S. Pathak Homeopathic Medical College, Vadodara<br>***pplication date :1-11-2007***<br>***New** Application fees :50,000 /-*<br>**Receipt No :104420** | M.D.<br>(Homoeopathy) |

| Sr. No. | College / Institute / Trust | Degree (Subject) |
|---|---|---|
| * 50 | Maliba Pharmacy College, Tarsadi, Surat<br>***Application date :30-10-2007***<br>***Renewal** Application fees :95,000 /-*<br>***Receipt No :*** | M.Pharm<br>(Quality Assurance) |
| 51 | Shri Rang Navchetan Mahila Arts College, Valia, Bharuch<br>***(Grant In Aid)*** | M.A.<br>(Sanskrit) |
| 52 | Shree Morarji Desai Arts & Commerce College, Buhari, Surat<br>***(Grant In Aid)*** | M.A.<br>(Gujarati) |
| 53 | Shree Morarji Desai Arts & Commerce College, Buhari, Surat<br>***(Grant In Aid)*** | M.A.<br>(Hindi) |
| 54 | Smt. Kusumben Kadakia Arts & Commerce College, Ankleshwar, Bharuch ***(Grant In Aid)*** | M.A.<br>(Economics) |
| 55 | Smt. Kusumben Kadakia Arts & Commerce College, Ankleshwar, Bharuch ***(Grant In Aid)*** | M.A.<br>(Gujarati) |
| 56 | Rofel Arts & Commerce College, Vapi<br>***(Grant In Aid)*** | M.A.<br>(Economics) |
| 57 | Vanraj Arts & Commerce College, Dharampur<br>***(Grant In Aid)*** | M.A.<br>(Economics) |
| 58 | Shree Jayendrapuri Arts & Science College , Bharuch | M.A.<br>(Hindi) |

(અનુસ્નતાક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮–૦૯ થી અનુસ્નાતક કક્ષાએ સ્વનિર્ભર / ગ્રાંન્ટ ઈન એઈડ ધોરણે અભ્યાસક્રમ શરૂ કરવા / * અભ્યાસક્રમ ચલાવવાની માન્યતા ચાલુ રાખવા માટે જે તે કોલેજ / સંસ્થા / ઈન્સ્ટીટયૂટ તરફથી મળેલ જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિ **(L.I.C.)** ની નિમણૂક કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી.

**૩૨.** યુનિવર્સિટી સંલગ્ન (સ્વનિર્ભર અને અને અનુદાન પત્ર) નું ચાલુ જોડાણ જૂન–૨૦૦૮માં પુરૂ થતું હોય, શૈક્ષણિક વર્ષ : ૦૮– ૦૯ માટે/થી સ્નાતક કક્ષાએ નવો સ્વનિર્ભર/ગ્રાન્ટ–ઈન–એઈડ ધોરણે અભ્યાસક્રમ શરૂ કરવા તેમજ સંલગ્ન સંસ્થાઓ દ્વારા ચાલુ/વધારાનું/કાયમી જોડાણ મેળવવા માટે આ સાથે સામેલ યાદી મુજબની સંસ્થા/કોલેજ તરફથી, યુનિવર્સિટી કાર્યાલયએ નિયત કરેલ પત્રકમાં યુનિવર્સિટી કાર્યાલયને મળેલ/મળનાર જોડાણઅરજીનાં અનુસંધાને સ્થાનિક તપાસસમિતિની નિમણૂંક માટે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ : ૦૮– ૦૯ માટે/થી સ્નાતક કક્ષાએ નવો સ્વનિર્ભર/ગ્રાન્ટ–ઈન–એઈડ ધોરણે અભ્યાસક્રમ શરૂ કરવા તેમજ સંલગ્ન સંસ્થાઓ દ્વારા ચાલુ/વધારાનું/કાયમી જોડાણ મેળવવા માટે આવેલ તેમજ આવનાર નવી જોડાણ અરજીના સંદર્ભમાં સંસ્થા/કોલેજમાં સ્થાનિક તપાસ સમિતિની નિમણૂંક કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી.

**૩૩.** એન. આર. આઈ. વિદ્યાર્થીઓ પાસે પી. ઈ. સી. ( પ્રોવિઝનલ એલીજીબીલીટી )ની ફી રૂા. ૫,૦૦૦/– લેવામાં આવે છે. અને એન. આર. આઈ. સ્પોન્સર વિદ્યાર્થીઓ જે ગુજરાત કે અન્ય બોર્ડમાંથી પાસ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓને પણ રૂા. ૫,૦૦૦/– પી. ઈ. સી.ની ફી તરીકે અને એનરોલમેન્ટ ફીમાં પણ વધારો કરવા વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એન. આર. આઈ. સ્પોન્સર વિદ્યાર્થીઓની એનરોલમેન્ટ ફીના ૫૦૦૦/– લેવા નહી.

**૩૪.** વ્યકિત વિકાસ કેન્દ્ર ઈન્ડિયા, સુરત તરફથી મહાશિવરાત્રિ ઈન્ટરનેશનલ પ્રોગ્રામની ઉજવણી તા. ૪–૦૩–૨૦૦૮ થી તા. ૦૯–૦૩–૨૦૦૮ સુધી યુનિવર્સિટી કેમ્પસ ઉપર કરવા જગ્યાની ફાળવણી કરવા લખેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વ્યકિત વિકાસ કેન્દ્ર ઈન્ડિયા, સુરત તરફથી મહાશિવરાત્રિ ઈન્ટરનેશનલ પ્રોગ્રામની ઉજવણી તા. ૪–૦૩–૨૦૦૮ થી તા. ૦૯–૦૩–૨૦૦૮ સુધી યુનિવર્સિટી કેમ્પસ ઉપર નીચેની શરતોને આધીન જગ્યાની ફાળવણી કરવા મંજૂરી આપવી.

૧. મેદાનમાં પીળી માટી નાંખી સમતળ જમીન ઓફિસે નકકી કર્યા મુજબ કરી આપવી.
૨. જરૂરી રસ્તાઓની મરામત કરાવી આપવી.
૩. વિજળી, પાણીની વ્યવસ્થા તેમના ખર્ચ પર રહેશે.
૪. કાર્યક્રમ પૂર્ણ થાય બાદ સંપૂર્ણ પરીસરને સાફ સૂથરું બનાવી આપવું.
૫. કાંઈપણ નુકશાન થાય તો તે ભરપાઈ કરવાનું રહેશે.
૬. કાર્યક્રમ બાદ સંસ્થાની ઈચ્છાશકિત મુજબ યુનિવર્સિટીને ડોનેશન આપવું.
૭. સિકયુરીટીની વ્યવસ્થા સંસ્થાએ કરવાની રહેશે.

વધુમાં, ઠરાવવામાં આવે છે કે, ભવિષ્યમાં કેસ ટુ કેસ આ પ્રકારની મંજૂરી આપવાની રાખવી.

**૩૫.** યુનિ. કેમ્પસ ખાતેની શૈક્ષણિક ઝોન તરફની કંપાઉન્ડ વોલની બહારના ભાગમાં ગુજરાત ગેસ કંપની દ્વારા ગેસ પાઈપલાઈન નાંખવા માટે માંગેલ **NOC** આપવા માટેની તા. ૦૬/ ૧૧/ ૦૭ની સિન્ડિકેટની સભાના ઠરાવ ક્રમાંકઃ ૩થી સમિતિની રચના કરવામાં આવેલ જે સમિતિની તા. ૩૦/ ૧૧/ ૦૭ના રોજ મળેલ સભાના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિ. કેમ્પસ ખાતેની શૈક્ષણિક ઝોન તરફની કંપાઉન્ડ વોલની બહારના ભાગમાં ગુજરાત ગેસ કંપની દ્વારા ગેસ પાઈપલાઈન નાંખવા માટે માંગેલ **NOC** આપવા માટેની બાંધકામ સમિતિની તા. ૩૦/ ૧૧/ ૦૭ના રોજ મળેલ સભાના અહેવાલને **પરિશિષ્ટમાં** આપ્યા મુજબ મંજૂરી આપવી પરંતુ આ બાબતે લીગાલીટી અને ટેકનીકલ માહિતી અંગે બાંધકામ વિભાગ આગળની કાર્યવાહી કરશે.

**(પરિશિષ્ટઃ ' ઠ ')**

**૩૬.** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પબ્લિક એડ્‌મિનિસ્ટ્રેશનના અનુસ્નાતક વિભાગના રીડર ડૉ. એન. બી. જોષીના સામેલ પત્ર ક્રમાંકઃ પીએ/ એનબીજે/ ૬૭૬૧/ ૨૦૦૭ તા. ૧૯/ ૧૧/ ૨૦૦૭ સંદર્ભે ડૉ. જોષી ને Ethiopian civil service college, Addis Ababa Government of Ethiopia, Ethiopia દ્વારા બે વર્ષના સમય માટે Associate Professor in Public Management/ Urban Management ની જગા માટે તેઓની પસંદગી થતા તેઓ મળેલ નિમંત્રણને સ્વીકારી જોડાવા માંગતા હોય જે સબબ તેઓએ તા. ૧ / ૧ / ૨૦૦૮ થી તા. ૩૧/ ૧૨/ ૨૦૦૯ સુધીના બે વર્ષ માટે Extra Ordinary Leave મેળવવા ઓર્ડિનન્સ ૬૯– એ પેરા ૨૪ રૂલ્સ મુજબ Extra Ordinary Leave મંજુર કરવા અને વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પબ્લિક એડ્‌મિનિસ્ટ્રેશનના અનુસ્નાતક વિભાગના રીડર ડૉ. એન. બી. જોષી ને Ethiopian civil service college, Addis Ababa Government of Ethiopia, Ethiopia દ્વારા બે વર્ષના સમય માટે Associate Professor in Public Management/ Urban Management ની જગા માં જોડાવા માટે નીચેની શરતો અન્વયે મંજુરી આપવી.

(૧) ઈજાફાનો લાભ આપવો નહી.

(૨) રજાનો સમયગાળો માત્ર ૨ (બે) વર્ષ પૂરતો રહેશે.

(૩) ૨(બે) વર્ષમાં પરત આવવાની બાહેંધરી લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, અરજી શા માટે પ્રોપર ચેનલથી કરી નથી તેનો ખુલાસો મંગાવવો.

**૩૭.** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ તેમજ તમામ વિભાગોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવા કોમ્પ્યુટર સાયન્સ વિભાગના પ્રોફેસર એન્ડ હેડ ડૉ. અપૂર્વ એ. દેસાઈના પત્ર ક્રમાંકઃ **DCS/Computer/6617/2007** તા. ૨૯/૧૦/૨૦૦૭ના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતમાં સૈધ્ધાંતિક મંજુરી આપવી અને ખર્ચ સ્વનિર્ભર ફંડના ખર્ચ માંથી કરવો અને આવા કામો માટે અનુભવવાળી પાર્ટી પ્રીફરેબલ રહેશે.

**૩૮.** યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમનાં વિકાસ અર્થે તેઓને વધુ સ્વાયત્તા આપવા અને તે અંગે નિયમો બનાવવા માટે રચાયેલી સમિતિની ભલામણ ઉપર સિન્ડિકેટની તા. ૨૦–૪–૨૦૦૭ની સભાએ ઠરાવ નં. ૧૧ થી નીચે મુજબનો ઠરાવ કરાયેલ છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, " યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમોનો સરળતાથી વહીવટ કરી શકાય અને જે તે સ્વનિર્ભર અભ્યાસક્રમો વિકાસને માર્ગે આગળ વધે અને તેનો લાભ વિદ્યાર્થીઓ બહોળા પ્રમાણમાં લઈ શકે તેવા હેતુઓને ધ્યાનમાં રાખીને વહીવટી માટે વધુ સ્વાયત્તા મળી શકે તે માટે જણાવ્યા અનુસારના સુધારા વધારા સાથેના નીતિ નિયમો મંજૂર કરવા અને આ નિયમોનો અમલ આગામી શૈક્ષણિક વર્ષથી કરવો "

પ્રસ્તુત બાબતે મંજૂર કરાયેલા નિયમોમાં સુધારા કરવાની આવશ્યકતા જણાતાં આદેશાનુસાર પ્રસ્તુત સમિતિ દ્વારા ફરીથી દરેક પાસાઓની ચર્ચા વિચારણા કરીને તૈયાર કરેલ પરિશિષ્ટ–અ મુજબનાં નીતિ નિયમો સૂચવવામાં આવેલ છે, જેને જે તે અધિકાર મંડળ પુનઃ વિચારણા કરવા ભલામણ કરેલ છે, જે અંગે પુનઃ વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમનાં વિકાસ અર્થે તેઓને વધુ સ્વાયત્તા આપવા અને તે અંગે નિયમો બનાવવા માટે રચાયેલી સમિતિની ભલામણ **પરિશિષ્ટ**માં દર્શાવેલ સુધારા વધારા સાથે મંજુર કરવી.

**(પરિશિષ્ટઃ ' ડ ')**

**૩૯.** ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે રાજયની યુનિવસિટી/ કોલેજોમાં અનામત નીતિનો ચુસ્ત અમલ કરવા સંયુકત શિક્ષણ નિયામકશ્રી (કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ કવટ/ વ.૧(૧)/૦૭–૦૮/૧૯૦૮૬–૯૨ તા. ૧૭/૧૧/૨૦૦૭ થી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે રાજયની યુનિવર્સિટી/ કોલેજોમાં અનામત નીતિનો ચૂસ્ત અમલ કરવા સંયુકત શિક્ષણ નિયામકશ્રી (કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્રને ધ્યાને લેતાં યુ. જી. સી.ની ગાઈડ લાઈન્સના **પરિશિષ્ટ**માં દર્શાવ્યા મુજબ સ્વીકાર કરવો.

વધુમાં હાલમાં યુનિવર્સિટીએ આપેલી જાહેરાત પુનઃ આપવી તે પહેલા રોસ્ટર નિયમોનુસાર નકકી–મંજૂર કરાવવું. યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમમાં પણ આ ગાઈડ લાઈન્સનો અમલ કરવો.

**(પરિશિષ્ટ : ' ઢ ')**

## જાણ સારૂ.

**૪૦.** વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ વધુ અભ્યાસ માટે જાય ત્યારે તેમને આપણી યુનિવર્સિટીનું માઈગ્રેશન સર્ટીફેકટ લઈ જવા માટે ઓરીજીનલ માર્કશીટ રજૂ કરવી આવશ્યક છે સ્વનિર્ભર કોલેજો અભ્યાસ પૂરો કરે ત્યાં સુધી અસલ માર્કશીટ પરત નથી કરતી અને ડુપ્લીકેટ માર્કશીટ પંદર દિવસ સુધી વિદ્યાર્થીને મળતી નથી એટલે મા. કુલપતિશ્રીએ રૂા. ૨૦/– વેરીફીકેશન ફી ભરાવીને ઝેરોક્ષ માર્કશીટને પરીક્ષા વિભાગનાં જે તે ફેકલ્ટીનાં સ્ટાફ પાસે વેરીફાઈ કરાવીને વિદ્યાર્થીને આપવું એવી વ્યવસ્થા નકકી કરી છે.

ઉપર મુજબ રૂા. ૨૦/– વેરીફીકેશન ફી ભરાવીને માર્કશીટ વેરીફાઈ કરાવવા અંગેની મા.કુલપતિશ્રી એ નકકી કરેલ વ્યવસ્થા અંગેનાં પગલાની નોંધ લેવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મા. કુલપતિશ્રીના ઉપરોકત પગલાની નોંધ લેવી.

**૪૧.** યુનિવર્સિટી સંલગ્ન જુદી જુદી કોલેજમાં નિમણૂંક પામેલા વ્યાખ્યાતાને આચાર્ય અને સંચાલક મંડળ સાથે વારંવાર મતભેદ ઉભા થાય છે. ત્યારે વ્યાખ્યાતાને ઓર્ડિનન્સ–૬૯–એ ની જરૂર પડે છે. પરંતુ કોલેજના આચાર્ય તેમને ઓર્ડિનન્સ–૬૯–એ ની કોપી વાંચન માટે આપતાં ન હોય, જુદી જુદી કોલેજના વ્યાખ્યાતા દ્વારા ઓર્ડિનન્સ–૬૯–એ ની નકલ કાર્યાલય પાસે માંગણી કરે છે.

ઉપરોકત ઓર્ડિનન્સ ૬૯–એ ની ઝેરોક્ષ નકલ (કુલ પેઈજ ૪૩ – આગળ પાછળ મળીને) વેચાણમાં મુકવા મા. કુલપતિશ્રીએ તેની વેચાણ કિંમત રૂા. ૫૦/– નકકી કરેલ હોય, કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મા. કુલપતિશ્રીના ઉપરોકત પગલાની નોંધ લેવી.

**૪૨.** એસસી/ એસટી સેલની સ્ટેન્ડીગ કમિટિની તા. ૬/ ૯/ ૨૦૦૭ના રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ લેવા બાબત.

(એસસી./ એસટી. સેલ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મા. કુલપતિશ્રીના ઉપરોકત પગલાની નોંધ લેવી.

**૪૩.** વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ હસ્તકની યુનિવર્સિટીઓ, સંલગ્ન કોલેજોમાં અધર બેક વર્ડ કલાસીસમાં અનામતના ૨૭ % ટીચીંગ પોસ્ટમાં લેકચરરની સીધી ભરતી અંગે યુ. જી. સી.ના પત્ર ક્રમાંક : એફ. ૧–૪/ ૧૯૯૪ (એસસીટી/ ઓબીસી) તા. ૨૬ / ૯ / ૨૦૦૭થી અધર બેકર્વડ કલાસીસમાં ૨૭ % નો અમલ કરવા કરેલ ઠરાવ અંતર્ગત આપણી યુનિવર્સિટીમાં તેનો અમલ બાબતની જાણ અર્થે.

(એસ. સી./ એસ. ટી. સેલ.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ હસ્તકની યુનિવર્સિટીઓ, સંલગ્ન કોલેજોમાં અધર બેક વર્ડ કલાસીસમાં અનામતના ૨૭ % ટીચીંગ પોસ્ટમાં લેકચરરની સીધી ભરતી અંગે યુ. જી. સી.ના પત્ર ક્રમાંક : એફ. ૧–૪/ ૧૯૯૪ (એસસીટી/ ઓબીસી) તા. ૨૬ / ૯ / ૨૦૦૭થી અધર બેકર્વડ કલાસીસમાં ૨૭ % નો અમલ કરવા કરેલ ઠરાવની નોંધ લેવી.

**૪૪.** યુનિવર્સિટી કાર્યાલયના કુલસચિવશ્રી પ્રા. જે. આર. મહેતાએ તા. ૫–૫–૨૦૦૭થી ત્રણ માસનો નોટિસ પિરીયડ ગણીને અંગત અને પારિવારીક કારણોને લઈને સ્વૈચ્છિક નિવૃત્તિ આપવા માટે વિનંતી મા. કુલપતિશ્રીએ સિન્ડિકેટ વતી સ્વીકારેલ હોય, તે જાણ સારૂ.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત હાલ પૂરતી મુલતવી રાખવી.

**૪૫.** યુનિવર્સિટી કાર્યાલયના કુલસચિવશ્રી પ્રા. જે. આર. મહેતાનો પ્રોબેશન પીરીયડ તા. ૭–૫–૨૦૦૭ના રોજ પૂર્ણ થતો હોય તથા કુલસચિવની સ્વૈચ્છિક નિવૃત્તિ મા. કુલપતિશ્રીએ સ્વીકારી લીધેલ હોય તેને ધ્યાને લેતાં સિન્ડિકેટ વતી કુલસચિવશ્રી પ્રા. જે. આર. મહેતાને મા. કુલપતિશ્રીએ **Confirm** કર્યા હોય, તે જાણ સારૂ.

(વહીવટી)

::	આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત હાલ પૂરતી મુલતવી રાખવી.

**૪૬.** યુનિવર્સિટી કાર્યાલયના કુલસચિવશ્રી પ્રા.જે. આર. મહેતાએ તા. ૫–૫–૨૦૦૭થી ત્રણ માસનો નોટીસ પીરીયડ ગણીને અંગત અને પારિવારીક કારણોને લઈને સ્વૈચ્છિક નિવૃત્તિ આપવા માટે વિનંતી મા. કુલપતિશ્રીએ સિન્ડિકેટ વતી સ્વીકારેલ હોય, પરંતુ તેઓએ ત્રણ માસનો નોટીસ પીરીયડ પૂરો થાય તે પહેલાં પાછી સ્વૈચ્છિક નિવૃત્તિ ખેંચી લેવાના તેમના તા. ૧૭–૭–૨૦૦૭ના પત્રની નોંધ લેવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત હાલ પૂરતી મુલતવી રાખવી.

**૪૭.** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સ્ટુડન્ટસ કાઉન્સિલનું નવું સુધારેલ બંધારણ મા. કુલપતિશ્રીએ મંજૂર કર્યુ છે. તો તેના પગલાની નોંધ લેવા બાબત.

લીગ્દોહ કમિટિના ગાઈડન્સ અને ડિરેકશનનાં આધારે સુપ્રિમ કોર્ટ આપેલા મધ્યાવધિ ચૂકાદા અનુસાર આ નવું સુધારેલું સ્ટુડન્ટ કાઉન્સિલનું બંધારણ કુલપતિશ્રીએ નિમેલી સમિતિ દ્વારા બનાવવામાં આવ્યું હતું.

(યુ.ક. અને શા.શિ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મા. કુલપતિશ્રીના ઉપરોકત પગલાંની નોંધ લેવી.

૪૮. યુનિવર્સિટીના મુખ્ય હિસાબી અધિકારી શ્રી રામસિંહ એચ. રાજપૂતનો બે વર્ષનો અજમાયશી સમય પૂર્ણ થતાં કાયમી કરવા વિચારણા કરવા બાબત.....

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત કોર્ટમાં વિચારાધીન (સબ જયુડીશીયલ) હોઈ હાલમાં કોઈ નિર્ણય લેવો નહી.

૪૯. યુનિવર્સિટી પરિસર ઉપર નર્મદભવન ખાતે ચાલી રહેલા બેચલર ઓફ ઈન્ટિરીયર ડીઝાઈન અને બેચલર ઓફ ફાઈન આર્ટ્સ માટે કાયમી સ્વરૂપના મકાનની તાતી આવશ્યકતા છે. આ અભ્યાસક્રમો ચાર ચાર વર્ષના છે.

વધુમાં ફેકલ્ટી ઓફ પર્ફોમીગ આર્ટ્સ (નૃત્ય, નાટય અને સંગીતના સ્નાતક અભ્યાસક્રમો) પણ આગામી વર્ષથી શરૂ કરવા માટે યુનિવર્સિટી કટીબધ્ધ છે.

આ તમામ અભ્યાસક્રમો વિશિષ્ટ પ્રકારના છે. આ અભ્યાસક્રમોના વર્ગ પ્રશિક્ષણ માટે અલગ અલગ પ્રકારના સ્ટુડીયોઝ, પ્લેબોકસ, થીયેટર, ઓપનએર થીયેટર, ડાન્સ રૂમ, મ્યુઝીક રૂમ્સ, આર્ટ ગેલેરી વિ. ની અનિવાર્ય આવશ્યકતા છે.

આ તમામ બાંધકામો સત્વરે શરૂ કરવા જરૂરી છે. નર્મદભવન ખૂબ નાનુ પડે છે. તો ફાઈન આર્ટ્સ, ઈન્ટિરીયર ડીઝાઈન અને ભાવી ફેકલ્ટી ઓફ પર્ફોમીય આર્ટ્સના ઉપરોકત મકાનોના બાંધકામ માટે યોગ્ય સ્થળ – (સાઈટ) – સૂચવવા અંગે વિચારણા કરવા બાબત..

(ફા. આ. અને ઈ. ડી.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને સૈધ્ધાતિંક મંજુરી આપવી.

૫૦. ડિપ્લોમાં (એક્ષટર્નલ) કાર્યક્રમોમાં રિસોર્સ પરસન વિગેરે માટે મહેનતાણાની જોગવાઈ મુજબ મહેનતાણાની મંજૂર કરવા બાબતના મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગના પ્રોફેસર અને વડા ડૉ. દિલીપ શાહના તા. ૩૦–૧૦–૨૦૦૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગના પ્રોફેસર અને વડા ડૉ. દિલીપ શાહના તા. ૩૦–૧૦–૨૦૦૭ના પત્રનો **પરિશિષ્ટ**માં દર્શાવ્યા મુજબ (બ) અને (ક)ને મંજુરી આપવી અને (અ) ને નીચે મુજબના સુધારા વધારા સાથે મંજુરી આપવી. આ મંજૂરી Course અંગે સરકારશ્રી સાથે થયેલ કરાર મુજબ કરવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | મુખ્ય સંયોજક | રૂા. ૫, ૦૦૦/– | ૧ (એક) |
| ૨. | સહ સંયોજક | રૂા. ૩, ૦૦૦/– | ૧ (એક) |
| ૩. | સંયોજક | રૂા. ૨, ૦૦૦/– | ૩ (ત્રણ) |

**(પરિશિષ્ટઃ ' ણ ' )**

૫૧. રાજય સરકાર દ્વારા ડિપ્લોમાં અભ્યાસક્રમોના ઉપયોગ માટે મંજૂર થયેલી ગ્રાન્ટમાંથી સાધનો ખરીદી કરવાની પરવાનગી માટે મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગના પ્રોફેસર અને વડા ડૉ. દિલીપ શાહના તા. ૩૦–૧૦–૨૦૦૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, રાજય સરકાર દ્વારા ડિપ્લોમાં અભ્યાસક્રમોના ઉપયોગ માટે મંજૂર થયેલી ગ્રાન્ટમાંથી સાધનો ખરીદી કરવાની પરવાનગી માટે મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગના પ્રોફેસર અને વડા ડૉ. દિલીપ શાહના તા. ૩૦–૧૦–૨૦૦૭ના પત્ર દ્વારા કરેલ વિનંતીનો**પરિશિષ્ટ**માં દર્શાવ્યા મુજબ આઈટમ વાઈઝ ખરીદી કરવા અંગે સ્વીકાર કરવો.

**(પરિશિષ્ટઃ ' ત ' )**

૫૨. યુનિવર્સિટીના ગ્રામ્ય અભ્યાસના અનુસ્નાતક વિભાગના હાલના પ્રોફેસર અને હેડ ડૉ. દિલિપ આર. શાહ ૬૨ વર્ષની નિવૃતિ વયમર્યાદા તા. ૧૨/૧૨/૨૦૦૭ના કાર્યાલય સમય બાદ પુરી થતી હોય તેઓની જગા પર તે વિભાગના હેડની ખાલી પડેલ જગા પર સ્ટેટયૂટ–૨૯૩ માં કરવામાં આવેલ જોગવાઈ અંતર્ગત તે વિભાગના શ્રેયાંન શિક્ષક, રીડર, ડૉ. વિપુલ સોમાણીને હેડ તરીકેની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના ગ્રામ્ય અભ્યાસના અનુસ્નાતક વિભાગના હાલના પ્રોફેસર અને હેડ ડૉ. દિલિપ આર. શાહ ૬૨ વર્ષની નિવૃતિ વયમર્યાદા તા.૧૨/૧૨/૨૦૦૭ના કાર્યાલય સમય બાદ પુરી થતી હોય તેઓની જગા પર તે વિભાગના હેડની ખાલી પડેલ જગા પર સ્ટેટયૂટ–૨૯૩ માં કરવામાં આવેલ જોગવાઈ અંતર્ગત તે વિભાગના શ્રેયાંન શિક્ષક, રીડર, ડૉ. વિપુલ સોમાણીને **(Officiating)** હેડ તરીકેની નિમણૂક આપવી.

૫૩. યુ.જી.સી. હસ્તકની યુનિવર્સિટીઓ અને કોલેજોમાં અનામતનિતિનો ચુસ્તપણે અમલ કરવા અંગે યુ.જી.સી.ના ડેપ્યુટી સેક્રેટરીના તા. ૮/૦૫/૨૦૦૭ના પત્રાંક : એફ–૭–૪/૦૬ (એસસીટી) અને એફ.૧–૫/૨૦૦૬ (એસસીટી) તા. ૨૫/૦૮/૨૦૦૬ થી એસસી/એસટી અનામત અમલીકરણ કરવા અંગે. નવી ગાઈડલાઈનમાં જણાવ્યાં મુજબ દરેક કોલમોની વિસ્તૃત વિચારણા કરવા બાબત તા. ૦૮/૧૦/૨૦૦૭ના રોજ સિન્ડિકેટમાં મુકેલ.

સિન્ડિકેટે નીચે મુજબ ઠરાવેલ– "આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, યુ.જી.સી.ના પત્રમાં જણાવેલ ગાઈડલાઈન્સમાં જણાવ્યાં અનુસાર શૈક્ષણિક જગાઓ પર અનામત નિતિનો અમલ માટે રાજય સરકારશ્રીને પુછાવીએ."

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીમાંથી સંયુકત શિક્ષણ નિયામકશ્રી (કોલેજ) ના તા. ૪/૦૮/૨૦૦૭ના પત્રક્રમાંક : કવટ/વ.૧.(૧)/યુનિ/૦૭–૦૮(૧૨૦૩૭–૪૪) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, બ્લોક નં. ૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર તથા તેમના તા. ૧૭/૧૧/૦૭ના પત્રાંક : કવટ/વ.૧(૧)/૦૭–૦૮/૧૯૦૮૬–૯૨. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી ગાંધીનગરના પત્રો અત્રે મળેલ હોય તેના પર વિચારણા કરવા બાબત તેમજ આ સાથે સામેલ યુ.જી.સી. નવી ગાઈડલાઈનમાં જણાવ્યાં મુજબ મુદ્રા ક્રમાંક : ૦૧ થી ૧૭ પર વિચારણા કરવા બાબત.

(એસસી.એસટી.સેલ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુ.જી.સી. નવી ગાઈડલાઈનને **પરિશિષ્ટ**માં જણાવ્યા મુજબ સ્વીકારી તેનો સમગ્ર પણે અમલ કરવો.

**(પરિશિષ્ટ : ' થ ')**

૫૪. યુનિવર્સિટી સંલગ્ન સી.કે. પીઠાવાલા ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, સુરતના એમ.બી.એ. સ્વનિર્ભર અભ્યાસક્રમના ત્રીજા સેમેસ્ટરના નીચેના ક્રમ નં. ૧ થી ૭ સુધીના વિધાર્થીઓની ખૂટતી હાજરી (તેમના તા.૩–૧૨–૨૦૦૭ ના પત્રાંક : સી.કે.પીઆઈ.એમ. / ૧૫૧ / ૦૭) કોન્ડોન કરવાની સત્તા ઓર્ડિનન્સ 61-(I) (c) મુજબ સિન્ડિકેટને હોય તથા દર્શાવેલ ક્રમ નંબર ૮ થી ૧૧ ના વિધાર્થીઓની ઓર્ડિનન્સ 61 (ii) મુજબ ૪૦% થી વધારે ખૂટતી હાજરી હોય પ્રસ્તુત હાજરી ને કોન્ડોન કરી શકાય નહી જે અંગે વિચારણા કરવા બાબત.

| ક્રમ | | વિધાર્થીનું નામ | કુલ લેકચર | મીનીનમ લેકચર અટેન્ડેડ | વિધાર્થીની હાજરી અને ટકા | ખુટતી હાજરી અને ટકા |
|---|---|---|---|---|---|---|
| સિન્ડિકેટની સત્તા | ૧ | રાવલ નિલેશકુમાર ઉમેશભાઈ | ૩૩૪<br>**૧૦૦ %** | ૨૫૧<br>**૭૫ %** | ૧૬૩<br>**૪૮.૮૦ %** | ૮૮<br>**૨૬.૨૦ %** |
| | ૨ | શાહ હાર્દિક દિલિપકુમાર | ૩૩૪<br>**૧૦૦ %** | ૨૫૧<br>**૭૫ %** | ૧૬૩<br>**૪૮.૮૦ %** | ૮૮<br>**૨૬.૨૦ %** |
| | ૩ | રંગા પ્રિયંકા રાજેન્દ્ર | ૩૧૫<br>**૧૦૦ %** | ૨૩૬<br>**૭૫ %** | ૧૫૦<br>**૪૭.૬૨ %** | ૮૬<br>**૨૭.૩૮ %** |
| | ૪ | મહેતા નિલય ભૂપતરાય | ૩૩૪<br>**૧૦૦ %** | ૨૫૧<br>**૭૫ %** | ૧૫૭<br>**૪૭.૦૧ %** | ૯૪<br>**૨૭.૯૯ %** |
| | ૫ | રોહિત લલિતચંદ મોહનલાલ | ૩૩૪<br>**૧૦૦ %** | ૨૫૧<br>**૭૫ %** | ૧૫૦<br>**૪૪.૯૧ %** | ૧૦૧<br>**૩૦.૦૯ %** |
| | ૬ | રતનધયારા પિયુષ જગદીશચંદ | ૩૩૪<br>**૧૦૦ %** | ૨૫૧<br>**૭૫ %** | ૧૪૭<br>**૪૪.૦૧ %** | ૧૦૪<br>**૩૦.૯૯ %** |
| | ૭ | ગંગાડિયા હેમલ રજનીકાંત | ૩૩૪<br>**૧૦૦ %** | ૨૫૧<br>**૭૫ %** | ૧૪૨<br>**૪૨.૫૧ %** | ૧૦૯<br>**૩૨.૪૯ %** |
| સિન્ડિકેટની સત્તામાં નથી | ૮ | ચંદરાણી મિહિર શશીકાંત | ૩૩૪<br>**૧૦૦ %** | ૨૫૧<br>**૭૫ %** | ૧૦૯<br>**૩૨.૬૩ %** | ૧૪૨<br>**૪૨.૩૬ %** |
| | ૯ | જોષી દેવેન રાજેન્દ્રભાઈ | ૩૧૫<br>**૧૦૦ %** | ૨૩૬<br>**૭૫ %** | ૯૩<br>**૨૯.૫૨ %** | ૧૪૩<br>**૪૫.૪૮ %** |
| | ૧૦ | વણિક પ્રકાશ ધનજીભાઈ | ૩૩૪<br>**૧૦૦ %** | ૨૫૧<br>**૭૫ %** | ૯૮<br>**૨૯.૩૪ %** | ૧૫૩<br>**૪૫.૬૬ %** |
| | ૧૧ | કોટક હિરેન રમેશભાઈ | ૩૩૪<br>**૧૦૦ %** | ૨૫૧<br>**૭૫ %** | ૬૩<br>**૧૮.૮૬ %** | ૧૮૮<br>**૫૬.૧૪ %** |

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત વિધાર્થીઓની હાજરી કોન્ડોન કરવી નહી પરંતુ હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓ મુજબ જે તે વિધાર્થીઓની મેડીકલ સર્ટિફીકેટના આધારે જે તે દિવસોની હાજરીની ગણતરી બાબતે કોન્ડોન કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી.

૫૫. યુનિવર્સિટી કેમ્પસ પરની, યુનિવર્સિટીની માલિકીનો રે.સ.નં. ૪૨/પૈકી ઓરીજીનલ પ્લોટ નં.–૨૧ ની બદલીમાં ફાઈનલ પ્લોટ નં.–૧૯૬ ફાળવવા અને કબજો લેવા માટે સુરત મ્યુનિસીપલ કોર્પોરેશના તા. ૪/૧૨/૨૦૦૭ના પત્ર સા.વે.ઝોન (અઠવા)/ આ.નં. ૧૫૦ પર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ પરની, યુનિવર્સિટીની માલિકીનો રે.સ.નં. ૪૨/પૈકી ઓરીજીનલ પ્લોટ નં.–૨૧ ની બદલીમાં ફાઈનલ પ્લોટ નં.–૧૯૬ ફાળવવા અને કબજો લેવા માટે સુરત મ્યુનિસીપલ કોર્પોરેશના તા. ૪/૧૨/૨૦૦૭ના પત્ર સા.વે.ઝોન (અઠવા)/ આ.નં. ૧૫૦ **પરિશિષ્ટ**માં દર્શાવ્યા મુજબ સ્વીકાર કરવો અને તેની નોંધ લેવી.

**(પરિશિષ્ટઃ ' દ ')**

૫૬. સી.કે.પીઠાવાલા ઈન્સ્ટી. ઓફ મેનેજમેન્ટ, સુરતનાં એમ.બી.એ.નાં ત્રીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કુ. નિરાલી ભરત દેસાઈનાં માતૃશ્રી શ્રીમતી પન્ના બી. દેસાઈ તરફથી મળેલ તારીખ વગરની અરજીમાં જણાવ્યાનુસાર, તેમની પુત્રી નિરાલીને " લ્યુકેમીયા " **(Leukemia)** ની બીમારી લાગુ પડેલ હોય ( કુ. નિરાલીનાં **Blood Report** ની લેબોરેટરી નકલ સામેલ છે. ) તેમની સારવાર ચાલે છે અને શરીરમાં અશકિતનું પ્રમાણ વધુ રહેતું હોય કોલેજમાં નિયમિતપણે હાજરી આપી શકતી નથી, જેથી ખાસ કેસ તરીકે માંદગીની રજા મંજૂર કરવાની પ્રસ્તુત વિદ્યાર્થીનીનાં માતૃશ્રી ( ડોકટરનું પ્રમાણપત્ર સામેલ છે) તથા સંસ્થાનાં ડાયરેકટરે ખાસ કેસ તરીકે કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત....

| અ.નં. | વિદ્યાર્થીનું નામ | કુલ લેકચર | મીનીનમ લેકચર અટેન્ડેડ | વિદ્યાર્થીની હાજરી અને ટકા | ખુટતી હાજરી અને ટકા |
|---|---|---|---|---|---|
| ૧ | કુ. નિરાલી ભરત દેસાઈ | ૩૧૫<br>૧૦૦ % | ૨૩૬<br>૭૫ % | ૭૯<br>૨૫. ૦૭ % | ૧૫૭<br>૪૯. ૯૩ % |

**<u>ઓર્ડિનન્સ – ૬૧ ( i ) (c)</u>**

Dificiencies above 25% but not exceeding 40% (i.e. where attendance is between 50% and 35 % ) by the Syndicate.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સી.કે.પીઠાવાલા ઈન્સ્ટી. ઓફ મેનેજમેન્ટ, સુરતનાં એમ.બી.એ.નાં ત્રીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કુ. નિરાલી ભરત દેસાઈની હાજરી માનવતાને ધોરણે ખાસ કેસ તરીકે કોન્ડોન કરવાની મંજૂરી આપવી.

૫૭. પરીક્ષા આચાર સમિતિની તા. ૭–૧૨–૨૦૦૭ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.....

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૭–૧૨–૨૦૦૭ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો **પરિશિષ્ટ**માં આપ્યા મુજબ યથાવત મંજૂર કરવી.

**(પરિશિષ્ટઃ ' ધ ')**

૫૮. પરીક્ષા આચાર સમિતિની તા. ૧૨–૧૨–૨૦૦૭ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.....

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૧૨–૧૨–૨૦૦૭ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો **પરિશિષ્ટ**–માં આપ્યા મુજબ યથાવત મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત વિદ્યાર્થીઓને પાંચ વર્ષ માટે કોઈપણ યુનિવર્સિટીમાં અને કોઈપણ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવો નહી.

**(પરિશિષ્ટઃ ' ન ')**

૫૯. નવરંગ ગૃપ એજયુકેશન ટ્રસ્ટ, સુરત દ્વારા નવી મોન્ટેસરી ટીચર્સ ટ્રેનીગ કોલેજ, સ્વાતિ ચેમ્બર્સ, દિલ્હીગેટ, ગલેમંડી રોડ, સુરત ખાતે S.N.D.T. મહિલા યુનિવર્સિટી, મુંબઈ સાથે સંલગ્નતા મેળવી શરૂ કરવા માંગે છે તેમજ આ અંગેની તમામ કાર્યવાહી S.N.D.T. મહિલા યુનિવર્સિટી, મુંબઈ સાથે કરેલ છે. એમ જણાવી સદર કોલેજ શરૂ કરવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું N.O.C. (ના વાંધા પ્રમાણપત્ર) આપવા અંગેની વિનંતી કરતા પ્રસ્તુત ટ્રસ્ટના મેનેજીગ ટ્રસ્ટીશ્રીનાં તા. ૨૭/૧૧/૦૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, નવરંગ ગૃપ એજયુકેશન ટ્રસ્ટ, સુરત દ્વારા નવી મોન્ટેસરી ટીચર્સ ટ્રેનીગ કોલેજ, સ્વાતિ ચેમ્બર્સ, દિલ્હીગેટ, ગલેમંડી રોડ, સુરતને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું **N.O.C.** (ના વાંધા પ્રમાણપત્ર) આપવું નહી.

૬૦. સર્વોદય કેળવણી ટ્રસ્ટ, અંકલેશ્વર દ્વારા નવી કોમર્સ કોલેજ (એફ.વાય.બી.કોમ.નો પ્રથમ વર્ગ), અંકલેશ્વર ખાતે S.N.D.T. મહિલા યુનિવર્સિટી, મુંબઈ સાથે સંલગ્નતા મેળવી શરૂ કરવા માંગે છે તેમજ એપ્લાય કરેલ છે. એમ જણાવી સદર કોલેજ નવા વર્ષથી શરૂ કરવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું N.O.C. (ના વાંધા પ્રમાણપત્ર) આપવા અંગેની વિનંતી કરતા પ્રસ્તુત ટ્રસ્ટના પ્રમુખશ્રીનાં તા. ૨૫/૧૦/૦૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સર્વોદય કેળવણી ટ્રસ્ટ, અંકલેશ્વર દ્વારા નવી કોમર્સ કોલેજ (એફ.વાય.બી.કોમ.નો પ્રથમ વર્ગ), અંકલેશ્વર ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું **N.O.C.** (ના વાંધા પ્રમાણપત્ર) આપવું નહી.

૬૧. યુનિવર્સિટીના ગ્રંથાલય વિભાગમાં જુનિયર કલાર્ક / ટાઈપીસ્ટ તરીકે ફરજ બજાવતાં શ્રીમતી મિનાક્ષીબેન કે. કનાડીયાએ ગ્રંથાલય વિભાગમાં ટેકનિકલ આસિસ્ટન્ટની અનામત જગા પર બિનઅનામત ઉમેદવારને બઢતી આપવા બાબતે તેણીએ વિરોધ દર્શાવી ટેકનિકલ આસિસ્ટન્ટની જગા પર બઢતી માટે યોગ્ય ન્યાય મળે તે વિનંતી પર માનનીય કુલપતિશ્રીએ રચેલ કમિટિએ તા. ૧૨–૧૨–૨૦૦૭થી આપેલ રીપોર્ટ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં સમીતીના અહેવાલને ગ્રાહ્ય રાખીએ અગાઉનો સિન્ડકેટનો ઠરાવ રદ ગણવો.

**જાણ સારૂ.**

૬૨. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે ખાલી પડેલ વિવિધ કેડરની વહીવટી જગાઓ ભરવા માટે ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંકઃ દગય – ૧૩૦૫–૧૬૨૯–ખ તા. ૧૯–૧૧–૨૦૦૭ થી કુલ ૨૮ જગાઓ ભરવાની મંજુરી આપતા પત્રની નોંધ લેવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે ખાલી પડેલ વિવિધ કેડરની વહીવટી જગાઓ ભરવા માટે ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક : દગય – ૧૩૦૫–૧૬૨૯–ખ તા. ૧૯–૧૧–૨૦૦૭થી કુલ ૨૮ જગાઓ ભરવાની મંજુરી આપતા પત્રની નોંધ લેવી.

**અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબત રજૂ કરવામાં આવી હતી.**

૬૩. શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૭–૨૦૦૮નો યુનિવર્સિટીનો ૩૫ મો ખેલકૂદ રમતોત્સવ રાજપીપળાની સી.પી. ડીગ્રી કોલેજ ઓફ ફિઝીકલ એજયુકેશને માંગણી કરી હોવાથી બોર્ડ ઓફ સ્પોર્ટસે તેની સભામાં ઠરાવ કરી તેને આયોજન કરવાનું સોંપવામાં આવ્યું હતું. તો પ્રસ્તુત ખેલકૂદ રમતોત્સવ ઉપરોકત કોલેજના આયોજન હેઠળ કરવા તથા તે અંગેના અંદાજીત બજેટ રૂા. ૫,૦૦,૦૦૦/– (અંકે પાંચ લાખ પૂરા) મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(યુ.ક.અને શા.શિ.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સનેઃ ૨૦૦૭–૨૦૦૮નો યુનિવર્સિટીનો ૩૫ મો ખેલકૂદ રમતોત્સવનું અંદાજીત બજેટ રૂા. ૫,૦૦,૦૦૦/– (અંકે પાંચ લાખ પૂરા) ને **પરિશિષ્ટ**માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવું.

**(પરિશિષ્ટઃ ' ૫ ')**

૬૪. સને ૨૦૦૭–૨૦૦૮ના વર્ષમાં યુનિવર્સિટીનો ૩૫ મો યુવક મહોત્સવ યોજવો જરૂરી છે. આ માટે એમ.આર. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, રાજપીપળાએ આ યુવક મહોત્સવનું અયોજન કરવા માટે તૈયારી દર્શાવી છે. તો પ્રસ્તુત કોલેજને ઉપરોકત યુવક મહોત્સવનું આયોજન કરવા અને તે અંગેનું અંદાજીત બજેટ રૂા. ૮,૭૧,૭૨૫/– (અંકે આઠ લાખ એકોતેર હજાર સાત સો પંચીસ પુરા) મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(યુ.ક.અને શા.શિ.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૭–૨૦૦૮ના વર્ષમાં યુનિવર્સિટીનો ૩૫ મો યુવક મહોત્સવનું અંદાજીત બજેટ રૂા. ૮,૭૧,૭૨૫/– (અંકે આઠ લાખ એકોતેર હજાર સાત સો પંચીસ પુરા) ને **પરિશિષ્ટ**માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવું.

**(પરિશિષ્ટ: ' ફ ' )**

૬૫. પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની તા. ૨૯–૧૧–૨૦૦૭ની મળેલ સભાની ભલામણ નં. ૨,૩,૪,૫, ૬, અને ૧૩ ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની તા.૨૯–૧૧–૨૦૦૭ની મળેલ સભાની ભલામણ નં. ૨, ૩, ૪, ૫, ૬ અને ૧૩ ને **પરિશિષ્ટ** માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવી.

**(પરિશિષ્ટ: ' બ ' )**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત
ક્રમાંકઃ એસ–૧ (૧)/૧૧૪૦/ ૨૦૦૮ **ઈ.ચા. કુલસચિવ**
તા.૨૯/૧/ ૨૦૦૮

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ......